સુવિચાર

ભોજનમાં ભકિત ભળે
ત્યારે એ પ્રસાદી બને,
શબ્દોમાં ભકિત ભળે
ત્યારે એ પ્રાર્થના બને.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૧/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૦૩૮

## વડિયાનાં હનુમાન ખીજડીયાનાં ગામજનોએ અસામાજિક પ્રવૃત્તિને ઉજાગર કરી

# જનતા રેડ : દેશી દારૂ અને માંસ મટનનો જથ્થો ઝડપાયો

- નાના એવા ગામમાં મોટા રાજકીય પક્ષોનાં આગેવાનોનો વસવાટ છતાં પણ દેશી દારૂનું વેચાણ ઝડપાયું
- ગામજનોએ શ્રીરામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ ગામમાંથી અસામાજિક પ્રવૃતિ બંધ કરાવવાની ભિષ્મ પ્રતિજ્ઞા લીધી
- સતત ૩ દિવસ સુધી ગામજનોએ જબરી જાગૃતતા દાખવીને બે વખત જનતા રેડ કરી
- સ્થાનિક પોલીસને પણ સાથે લીધી અને સરપંચને પણ લેખિતમાં રજૂઆત કરી




તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા




અમરેલી, તા. ૨૪
વડિયાનાં હનુમાન ખીજડીયાનાં ગામજનોએ રાજયનાં ૧૮ હજાર ગામની જનતા માટે એક પ્રેરણાદાયી કાર્ય કર્યુ છે અને ગામમાં દેશી દારૂ કે માંસ મટનનાં વેચાણ સામે જનતા રેડ કરીને ગાંધીનાં ગુજરાતને (અનુસંધાન પાના ૬ ઉપર)

### દામનગર નજીક આવી ભટ્ટવદર ગામની ઘટના

## લ્યો બોલો : ગૌચરણ બચાવવા અરજી કરી તો ગૌ પ્રેમી ઉપર થયો હુમલો

**જો કે સામાપક્ષેથી પણ ફરિયાદ કરવામાં આવી**

અમરેલી, તા. ૨૪
લાઠી તાલુકાના ભટ્ટવદર ગામે રહેતા અને ખેતી કામ કરતાં બાવચંદભાઈ ગેલાભાઈ મેર નામના આધેડના દીકરા સાજણે ગૌચર દબાણ હટાવવા માટે અગાઉ અરજીઓ કરેલ હોય. જે વાતનુ મનદુઃખ રાખી તે જ ગામે રહેતા આરોપી વિભાભાઈ (અનુસંધાન પાના ૬ ઉપર)

### સારહિ યુથ કલબ અને પાલિકા દ્વારા

## અમરેલીમાં આજે સાંજે સીનિયર સિટીઝન પાર્ક ખાતે ''એક શામ દેશ કે નામ'' કાર્યક્રમ યોજાશે

**સુરતનાં પ્રખ્યાત શ્રી ક્રિષ્ના ઈવેન્ટ દ્વારા દેશભકિતનાં ગીતો રજૂ થશે**

અમરેલી, તા. ૨૪
અમરેલીમાં ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ સીનીયર સિટીઝન પાર્ક ખાતે રાત્રે–૮:૩૦ કલાકે સારહી યૂથ કલબ ઓફ અમરેલી તથા નગરપાલિકા અમરેલી દ્વારા દેશભકિતનો રંગારંગ કાર્યક્રમ જેમાં (અનુસંધાન પાના ૬ ઉપર)












### રાષ્ટ્રપતિને જાગૃત્ત નાગરિકે પત્ર પાઠવ્યો

# સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ઉમેદવારોની શૈક્ષણિક લાયકાતનો નિયમ જરૂરી

### જનપ્રતિનિધિ શિક્ષિત હોય તે સમયની પણ માંગ

દામનગર, તા. ૨૪

આપણા ભારત દેશને આઝાદી મળી (નાગરિક કેટલો આઝાદ..!) તેને ૭૬ વર્ષ થયા, આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી કરાઈ, ભારતીય બંધારણ મુજબ દેશના લોકોને આજે કેટલો અધિકાર અને સ્વતંત્ર રીતે બોલવાની છૂટ મળે છે..!! વિચારવા જેવો મુદ્દો છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ એટલે કે ગ્રામ પંચાયતથી લઈ તાલુકા–જીલ્લા પંચાયતો, સાંસદ, મહા નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ઉમેદવારોની યોગ્ય શૈક્ષણિક લાયકાતની કોઈ ધોરણ ન હોવાથી ચૂંટણી સમયે લડવા માટે માન્ય રાજકીય પક્ષોના અને અપક્ષ તરીકે લડવા માગતા ઉમેદવારોની સંખ્યા એટલી બધી વધી જાય છે કે એમાં ખુબજ ઓછું ભણેલા અને વધુ ભણેલા લોકો પણ હોય. જયારે ટિકિટ ફાળવણીમાં જે–તે વ્યકિતઓની ટીકીટ પાકી થઈ જાય છે એમાં ત્રણ–ચાર–પાંચ કે સાત અથવા નવ ધોરણ સુધી ભણેલા ઉમેદવાર હોવાથી અને પૂરતું રાજકીય કે સામાજીક જ્ઞાન ન હોવાથી જયારે આવા લોકો ચૂંટાય છે પછી પોતાની ફરજોની પણ ખબર હોતી નથી..!! એટલે પાંચ વર્ષ સુધી જનતાને બાબુ કે પદાધિકારી કે વહીવટીશાહીમાં પિસાવું પડે છે તે સૌ કોઈ જાણે છે. જેમ સરકારી વિભાગોમાં નોકરી મેળવવા માટે, જે–તે પોસ્ટ માટે નોકરી મેળવવા માટે યોગ્ય શૈક્ષણિક લાયકાતની જરૂર હોય છે તેમ સ્થાનિક સ્વરાજયની (તમામ સંસ્થાઓ) ચૂંટણીઓમાં સરપંચથી લઈ ધારાસભ્ય, સંસદસભ્ય, નગર પાલિકાના પ્રમુખ, તાલુકા–જીલ્લા પંચાયત, કોર્પોરેશનોમાં મેયર અને બોર્ડ અને નિગમોમાં હોદા માટે પણ શૈક્ષણિક લાયકાત નક્કી કરી કાયદો બનાવવા દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર, વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને દામનગરના અતુલ શુકલે પત્ર પાઠવી લોકશાહીમાં દેશની જનતાને ભણેલ–ગણેલ અને હોંશિયાર પ્રતિનિધિઓ મળે એવી લાગણી સાથે રજુઆત કરેલ છે.

### ભાજપ આઈટી સેલનાં પ્રદેશ કારોબારી સદસ્ય અને

# અમરેલી : ગાયત્રી શકિતપીઠનાં ટ્રસ્ટી હિરેન ચાવડાનો આજે જન્મદિવસ

### મો.નં. ૯૬૮૭૦ ૪૪૭૬૭ પર અભિનંદનવર્ષા



અમરેલી, તા. ૨૪

અમરેલી ગાયત્રી શકિતપીઠનાં ટ્રસ્ટી, પ્રદેશ ભાજપ આઈ.ટી. સેલનાં કારોબારી સદસ્ય અને સમાજસેવી હિરેન ચાવડાનો ૨૫ જાન્યુઆરીને ગુરૂવારનાં રોજ જન્મ દિવસ હોય મિત્રો, શુભેચ્છકો ધ્વારા મો.નં. ૯૬૮૭૦ ૪૪૭૬૭ પર અભિનંદન આપી રહ્યા છે.

### શહેર કોંગ્રેસનાં પ્રમુખે કલેકટરને પત્ર પાઠવ્યો

# સા.કુંડલામાં અશાંતધારાની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા માંગ કરવામાં આવી

### મિલ્કત લેનાર અને વેચનારની પરેશાની દૂર કરવા માંગ

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સરકાર દ્વારા અશાંતધારા નિયમ લાગુ કરવામાં આવેલ છે. જેમા અરજદારો પોતાની મિલ્કત(મકાન, દુકાન) લેનાર, અને વેચનાર વચ્ચે સમજૂતિ મુજબ અને સરકારની ગાઈડલાઈન્સ મુજબની નિતી નિયમો પ્રમાણે તમામ જરૂરી સાધનિક કાગળો સાથે અરજી કરવામાં આવતી હોય છે. જેમાં આ લેનાર અને વેચનારની બાજુનાં લોકોનો કોઈ વાંધો ના હોય તેમ છતાં, તેમની અરજીઓનો સમય મર્યાદા નિકાલ થતો નથી કે, તેમનં દસ્તાવેજો સમયસર બનતા નથી. જેથી લેનાર અને વેચનાર બન્ને પક્ષકારો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. જેથી સાવરકુંડલા શહેરી વિસ્તારમાં અશાંતધારાની કામગીરી સરકારની ગાઈડલાઈન્સ મુજબ સમય મર્યાદા કરાવવા સંબધિત વિભાગોને સુચન કરવા શહેર કોંગ્રેસનાં પ્રમુખ વિજયભાઈ ડોડીયાએ કલેકટરને પત્ર પાઠવીને જણાવેલ છે.

### સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનાં સહયોગથી

# અમરેલી : ખીજડીયા રાદડિયા ગામે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયુ

### સમસ્ત ગ્રામજનોમાં ''જય સરદાર''નો નાદ ગુંજી ઉઠયો



અમરેલી, તા. ૨૪

અમરેલી તાલુકાનાં ખીજડીયા રાદડિયા ગામે અખંડ ભારતનાં સ્વપ્નદ્રષ્ટા અને ઘડવૈયા તથા લોખંડી પુરૂષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું ભવ્ય રીતે અનાવરણ કરવામાં આવ્યું. આ તકે સમાજસેવક ગોપાલભાઈ વસ્તરપારા કે જેમણે ૫૦૦૦ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા મુકવા માટેનો સંકલ્પ કર્યો છે. જેના ભાગરૂપે આજે ખીજડીયા રાદડિયા ગામે ગોપાલભાઈ વસ્તરપરાનાં હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવેલ હતું. આ ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમમાં ખીજડીયા રાદડિયા ગામના સરપંચ તથા ગામના આગેવાનો અને સર્વ સમાજના ગ્રામજનો ઉપસ્થિત રહીને કાર્યક્રમને દીપાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે છેલ્લા બે મહિનાથી વિપુલ પોકીયા અને સુરેશ વાવલીયાની યુવા ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# લીલીયા મોટા : તાલુકા યુવા બ્રહ્મસમાજનાં હોદ્દેદારોની વરણી

લીલીયા, તા. ૨૪

લીલીયા તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખનાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. તેમા પ્રમુખ તરીકે જયેશ મહેતા, ઉપપ્રમુખ ભાવેશ મહેતા, કૃણાલ જોષી, દિપક દવે, મહામંત્રી જૈમિન પાઠક, સંગઠન મંત્રી મિલન પંડયા, રૂષિત મહેતા, કોષાધ્યક્ષ મહેશ દવે, કલ્પેશ પંડયા, ખજાનચી રાહુલ જોષી, કારોબારી સભ્ય તરીકે નરહરી દવે, નિર્મલ જાની, કમલેશ પાઠક, કિરણ જોષી, આર્યન જોષી, અતુલ ભટ્ટ, નિકુંજ જોષી, કાર્તિક પંડયા, જુગલ દવે, હરેશ જોષી, હિરેન વ્યાસની વરણી કરવામાં આવી હતી. સમસ્ત બ્રહ્મસમાજ અને યુવા બ્રહ્મસમાજનાં તમામ હોદ્દેદારોએ બ્રહ્મસમાજનાં મોભી ભીખુદાદા ભટ્ટ, જીતેન્દ્રભાઈ પાઠક, ભરતભાઈ ત્રિવેદી, યોગેશભાઈ દવે, ભરતભાઈ જોષી સહિતનાં અગ્રણી આગેવાનોએ વરણી આવકારી શુભેચ્છા આપી હતી.

# ટીંબી ગામે મહિલા જાગૃતિ શિક્ષણ શિબિર યોજાઈ



જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદના ટીંબી ગામે મહિલા જાગૃતિ શિક્ષણ શિબિર નું આયોજન કરવામાં આવેલ. આ શિબિરમાં સત્સંગના રૂપમા દરેક બહેનોને જ્ઞાનની વાતથી સત્સંગ પણ કરવામાં આવેલ હતો. આ શિબિરમા બહેનોને સ્વરોજગાર માટે અલગ અલગ તાલીમ વર્ગ વિશેષ પણ જાણકારી આપવામાં આવેલ હતી. બહોળી સંખ્યામાં બહેનની ફરજરૂપે હાજરી આપેલ. આ શિક્ષણ શિબિરનું આયોજન કરનાર સી.એલ.પરમાર એન્ડ ઈલાબેન જોષી હાજર રહ્યા હતા. આ શિક્ષણ શિબિરમાં મોટી સંખ્યામાં બહેનો હાજર રહેલ.

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

**જોઇએ છે**

અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.

ઓફિસબોય............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે ફકત સ્થાનિક (અમરેલી શહેર)નાં વ્યકિતઓએ સંપર્ક કરવો.

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# લીલીયામોટા : અમૃતબા વિદ્યાલય ખાતે 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા' નું આયોજન થયું





લીલીયા, તા. ૨૪

રાજય સભાના સાંસદ અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોતમભાઈ રૂપાલા દ્વારા અમરેલી જિલ્લામાં આયોજિત 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા' અંતર્ગત લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત શ્રી અમૃત બા વિદ્યાલય ખાતે તા. ૨૪–૧–૨૪, બુધવારના રોજ લીલીયા તાલુકાની 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ પદે 'સાંસદ ખેલ સ્પર્ધા' અને 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા' ના સંયોજક અને મુખ્ય માર્ગદર્શક તથા અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત લીલીયા મહાલ કેળવણી મંડળના પ્રમુખ અને અમરેલી મધ્યસ્થ બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, લીલીયા મહાલ કેળ વણી મંડળના માનદ મંત્રી મગનભાઈ વિરાણી, નિયામક બાબુભાઈ ધામત, અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા તાલુકા ભાજપના પ્રમુખ ભનુભાઈ ડાભી, લીલીયા ભાજપના મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, લીલીયા મહાલ કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, લીલીયાના અન્ય પદાધિકારીઓ, અગ્રણી આગેવાનો, શિક્ષકો, સ્પર્ધકો તથા વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાની ઉદ્દ્ઘાટન બેઠકમાં શાબ્દિક સ્વાગત અમૃતબા હાઈસ્કૂલના શિક્ષક જીગ્નેશભાઈ ઠુમ્મર દ્વારા કરવામાં આવી. ત્યાર બાદ ઉપસ્થિત સૌ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ સૌ મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કર્યુ અને 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'ના પરામર્શક ડો. કેતન કાનપરિયાએ વિવિધ સ્પર્ધાઓની વિગતવાર માહિતીઓ આપી. ત્યાર બાદ કાર્યક્રમના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયાએ અધ્યક્ષીય પ્રવચન દરમિયાન અમરેલી જિલ્લામાં આ 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા' યોજવા બદલ પરશોત્તમભાઈ રૂપાલાનો આભાર માન્યો. તેમણે એમ પણ જણાવ્યું કે, રૂપાલા ભારતીય કલા અને સંસ્કૃતિનું જતન કરનારા આપણા અમરેલીના રતન છે અને દિલ્હી બેઠા બેઠા પણ અમરેલી જિલ્લાના કલાકારો અને રમતવીરોની ચિંતા કરે છે. ત્યારબાદ આ 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા' અંતર્ગત લીલીયા તાલુકાની ભજન, લોકગીત, લગ્નગીત, સમુહગીત, રાસ, તબલાં, મંજીરા, હાર્મોનિયમ, પ્રભાતિયાં, દુહા–છંદ–ચોપાઈ, લોકવાર્તા, હાલરડાં વગેરે સ્પર્ધાઓનું આયોજન થયું. આ લીલીયા તાલુકા કક્ષાની જુદી જુદી સ્પર્ધાઓમાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. લીલીયા તાલુકાની આ સ્પર્ધાઓમાં વિવિધ વય જૂથ પ્રમાણે પ્રથમ નંબરે વિજેતા થયેલા સ્પર્ધકો આગામી દિવસમાં જિલ્લા કક્ષાની 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'માં ભાગ લેશે. આ લીલીયા તાલુકાની સ્પર્ધાઓના કન્વીનર તરીકે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી અમૃતબા વિદ્યાલય, લીલીયાના સમગ્ર સ્ટાફગણ દ્વારા ખાસ જહેમત ઉઠાવવામાં આવી હતી.

આમ આદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના



વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...

સચોટ-સટીક

સાતત્યસભર દૈનિક

સાવરકુંડલામાં

એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી
(સાવરકુંડલા)

સાવરકુંડલા શહેરમાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.

કેવલ વેલાણી

મો. ૯૯૯૮૭ ७૮૨૮૧–સાવરકુંડલા

લવાજમની મુદ્દત

તા.01-01-૨૦૨૪

થી

તા.31-૧૨-૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com

e-mail : amreliexpress7@gmail.com

## મતદાતા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશનાં કરોડો નવા મતદારોને માર્ગદર્શન આપશે

# અમરેલી જિલ્લાનાં ૧૦ હજાર કરતાં વધારે યુવાનોને પ્રધાનમંત્રી સંબોધશે

**જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકનાં ૧૦ સ્થળોએ મોટી સંખ્યામાં યુવા મતદારો પ્રધાનમંત્રી સાથે વર્ચ્યુઅલ જોડાશે**

**જિલ્લાનાં જુદા-જુદા ૧૦ સ્થળોએ ૧૦ હજાર કરતાં પણ વધારે યુવા ફર્સ્ટ વોટર જોડાશે**

**જિલ્લા યુવા ભાજપની ટીમ દ્વારા પરોક્ષ રીતે આ કાર્યક્રમને પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવી રહ્યું છે**

**જિલ્લા યુવા ભાજપનાં પ્રભારી જય શાહ, પ્રમુખ ચેતન શિયાળ સહિતનાં યુવા અગ્રણીઓ 'અમરેલી એક્સપ્રેસ'ની મુલાકાતે**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં આવતીકાલ ગુરૂવારે ૧૦ હજાર કરતાં પણ વધારે યુવા મતદારો સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મતદાતા દિવસ નિમિત્તે વર્ચ્યુઅલી જોડાશે અને યુવા મતદારોને માર્ગદર્શન આપશું તેમ જિલ્લા યુવા ભાજપનાં પ્રભારી જય શાહ અને જિલ્લા યુવા ભાજપનાં પ્રમુખ ચેતન શિયાળે જણાવેલ છે.

''અમરેલી એકસપ્રેસ''



કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લેવા યુવા અગ્રણીઓએ તંત્રી મનોજ રૂપારેલ સાથેની વાતચીતમાં જણાવેલ કે, દેશમાં કરોડોની સંખ્યામાં નવા મતદારોનો ઉમેરો થયો છે. જે પૈકી અમરેલી જિલ્લામાં ૨૭ હજાર નવા યુવા મતદારો નોંધાયા છે જે સૌ પ્રથમ વખત મતદાન કરવાનાં હોય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશનાં કરોડો યુવા મતદારો સાથે વર્ચ્યુઅલી ગુરૂવારે જોડાઈ રહ્યા છે.

જે અંતર્ગત અમરેલી જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકનાં ૧૦ સ્થળોએ ૧૦ હજાર કરતાં પણ વધુ યુવા મતદારો પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સવારે ૧૦:૩૦ કલાકે વર્ચ્યુઅલી જોડાશે. જેમાં યુવા ભાજપની ટીમ પરોક્ષ રૂપે મદદરૂપ બનશે તેમ અંતમાં જણાવેલ.

જિલ્લા યુવા ભાજપનાં પ્રભારી અને જિલ્લા યુવા ભાજપના પ્રમુખની સાથે મહામંત્રી મૌલિક ઉપાધ્યાય, મંત્રી કિશનભાઈ શિલુ, મહામંત્રી જતિનભાઈ સાવલિયા, ઉપપ્રમુખ વિરલ પરિખ જોડાયા હતા.

### અવનવા બ્હાનાતળે પાસ કાઢવામાં ગલ્લા-તલ્લા

## લ્યો બોલો : વડિયાના એસ.ટી. ડેપોમાં કર્મચારીને મુસાફરો માટેનો પાસ કાઢવાની તાલીમ જરૂરી

**એસ.ટી.ના ઉચ્ચ અધિકારી યોગ્ય કરે તેવી માંગ**

વડિયા, તા. ૨૪

આજે વડિયા એસ.ટી. બસ કંટ્રોલ ખાતે અનેક વિદ્યાર્થીઓ અને મુસાફરો પાસ કાઢવા માટે આવ્યા હતા પરંતુ એસટી કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા કર્મચારીને મુસાફરો કે વિદ્યાથીઓનો પાસ કાઢતા આવડતો ન હોવાના કારણે તે બધા ને પહેલા તો એવો જવાબ આપતાં હતાં કે આજે કનેકિટવિટી નથી આવતી માટે કાલે આવજો બાદમાં વડિયા બસ સ્ટેન્ડ ખાતે અન્ય એસ.ટી. બસના કંડકટર પોતે બસ લઈને આવ્યા હતા અને તે વડિયા બસ સ્ટેશન ખાતે હોલ્ટ પર હતા ત્યારે તેની પાસેથી હાજર મુસાફરોના પાસ કઢાવ્યા અને મુસાફરોને આપવામાં આવ્યા હતા.

બાદમાં એ કંડકટર પોતે પોતાના સમય પ્રમાણે બસ લઈ જતા રહ્યા હતા ત્યારે બાદ અન્ય મુસાફરો પાસ કાઢવા માટે આવ્યા તો કંટ્રોલ રૂમ પર બેઠેલા કર્મચારી એ જણાવ્યું કે હવે એક વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી રીસેસ હોય છે માટે તમો ત્રણ વાગ્યા પછી આવજો અને તમામ બે ત્રણ મુસાફરોના નામ અને મોબાઈલ નંબર કંટ્રોલ રૂમ પર બેઠેલા કર્મચારીએ લીધા હતા. બાદમાં બિજી અન્ય બસ સ્ટેન્ડ પર આવી અને એના કંડકટર પાસે પાસ કઢાવી લીધા હતા. જેમાં એક નાનો યુવાન તો ખાલી વડિયાથી જેતપુર સુધીના પાસના કેટલા રૂપિયા થાય છે. એવું પુછવા જ આવ્યો હતો તેનો પણ પાસ આ કંટ્રોલ રૂમ પર બેઠેલા કર્મચારી એ કાઢી નાખ્યો.

બાદમાં આ યુવાનને ફોન કરી કહ્યું કે તારો પાસ નીકળી ગયો છે તો ૯૦૦ રૂપિયા આપી જા ત્યારે એ ગરીબ યુવાને જણાવ્યું કે સાહેબ મારી પાસે એટલા બધા રૂપિયા નથી હું તમને એજ પુછપરછ કરવા માટે આવ્યો હતો કે કેટલા રૂપિયા થાય, બાદમાં થોડી રકઝક કરી એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે કંટ્રોલ રૂમ પર બેઠેલા કર્મચારી એ યુવાનના પિતાને ફોન કરી ફરજીયાત પાસ લઈ જવાનું દબાણ કર્યુ હતું. જેમાં ગરીબ યુવાનના પિતા પાસે પુરતા રૂપિયા ના હોવાના કારણે તે અન્ય લોકો પાસેથી ઉછીના રૂપિયા લઈ ફરજિયાત પાસ લેવો પડયો હતો ત્યારે એવું પણ જાણવા મળ્યું છે કે આજે જે કંટ્રોલ રૂમ પર ફરજ બજાવતા હતા તે કર્મચારીને પાસ કાઢતા આવડતો નથી અને અન્ય કંડકટર પાસે થી રૂપિયા અને ફોન દ્વારા પાસ કાઢવાની કામગીરી કરતો હતો જયારે આ અંગે બગસરા એસ.ટી. ડેપો મેનેજર સાથે વાતચીત કરતા તેણે કહ્યું હતું કે અમારા કંટ્રોલ રૂમ પર બપોરે રીસેસ રાખવામાં આવતી નથી.

## રાજુલા ડેપોમાં ''ડ્રાઈવર્સ ડે'' નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો





રાજુલા, તા. ૨૪

વિશ્વ ડ્રાઈવર્સ ડેની ઉજવણીની અનુલક્ષીને ગુજરાત એસટી નિગમના અમરેલી ડિવિઝનના રાજુલા એસટી ડેપો ખાતે મેનેજર મમતાબેન જોશીના અધ્યક્ષ સ્થાને ડ્રાઈવર્સ ડેની ઉજવણી કરવામાં આવી. રાજુલા ડેપો ખાતે ડેપો મેનેજર મમતાબેન જોશીના અધ્યક્ષ સ્થાનેડ્રાઈવર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સલામત સવારી એસ ટી અમારીનાં સૂત્રને સાર્થક કરતા રાજુલા એસ ટી ડેપોના કુલ ૧૦ સ્ટાફ જેમાં ડ્રાઈવર તેમજ કંડકટરને પ્રમાણપત્ર સાથે મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને ડ્રાઈવર ડે દિવસ નિમિતે તમામ ડ્રાઈવર ભાઈઓને અત્યારનાં આ બદલાતા સમયમાં સારું ડ્રાઈવિંગ કરેલ છે અને સુંદર કામગીરી પણ કરેલ છે ત્યારે હજુ પણ સારી રીતે આપ સહુ આ કાર્ય કરતા રહો તેવું ડેપો મેનેજરે અંત માં જણાવેલ.

### ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી

## ભૈ વાહ : સાવરકુંડલા-લીલીયા વિસ્તારના નવાં માર્ગો બનાવવા માટે રૂપિયા ૩૭ કરોડ મંજુર

**અગાઉ ૧૩ કરોડ મળી કુલ રૂપિયા ૫૦ કરોડ મંજુર થયા**





સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા લીલીયા વિદ્યાનસભા બેઠક પર રોડ રસ્તાઓની દુર્દશા જોઈને માત્ર ગ્રામીણ ગામડાઓનાં માર્ગોને સુંદર અને રળિયામણા બનાવવા માટે ગાંધીનગર સચિવાલયમાં અઠવાડિયામાં ત્રણવાર ઉઘરાણી કરતા ધારાસભ્ય મહેશ કસવાળાની કામ કરવાની કુનેહને કારણે વધુ ૩૭ કરોડનાં રોડ રસ્તાઓનાં જોબ નંબર લાવીને સાવરકુંડલા લીલીયા પંથકનાં ગામડાઓને જોડતા માર્ગો આગામી દિવસોમાં મઢાઈ જાય તે અંગેની કર્તવ્ય નિષ્ઠ કામગીરીને આભારી છે. અગાઉ ૧૩ કરોડનાં રોડ રસ્તાઓ મંજુર કરાવ્યા જેમાં ભેંકરા, નાનીવડાળ ભોંકરવાનો રોડ ૧ કરોડ ૮૪ લાખ, અભરામપરા એપ્રોચ રોડ ૯૨ લાખ, કાનાતળાવ, એપ્રોચ રોડ ૪૧ લાખ, જીરા સ્ટેશન રોડ, ૧ કરોડ ૧૫ લાખ, ગોરડકાથી ગોરડકાપરા ૪૬ લાખ, ગાધકડાથી કલ્યાણ પુર ૨૩ લાખ, સાવરકુંડલા થી બોઘરયાણી ૯૨ લાખ, ચરખડિયાથી નાના ભમોદ્રા ૯૨ લખા, કુતાણા એપ્રોચ રોડ ૧ કરોડ ૨૦ લાખ, સાજણાટીબા લુવારીયા ૯૦ લાખ, વીજપડી બાયપાસ અને વીજપડી મેઈન રોડનાં ૧ કરોડ ૬૦ લાખ અને લીખાળા વીજપડીના ૧ કરોડ જેવી માતબર રકમ અગાઉ મંજુર કરાવ્યા છે. ત્યારે રાજય સરકારનાં માર્ગ મકાન વિભાગ દ્વારા સાવરકુંડલા હાથસાણી રોડ ૪ કરોડ ૧૦ લાખ, ધજડી – સાકરપરા– મિતિયાળા રોડ ૩ કરોડ ૩૨ લાખ, આંબરડી બગોયા ૧ કરોડ ૫૦ લખા, દોલતી-મેરિયાણા રોડ ૧ કરોડ ૭૦ લાખ, હાથસણી ઋગનાથપુર રોડ ૧ કરોડ ૪૦ લાખ, ઘાંડલા વણોટ રોડ ૧ કરોડ ૪૦ લાખ, જુનાસાવર કેરાળા રોડ ૧ કરોડ ૪૦ લાખ, હાડીડા દાધીયા રોડ ૭૦ લાખ, વિજયાનગર ગાધકડા રોડ ૧ કરોડ ૮૫ લાખ, જીરા સ્ટેશન જુના સાવર રોડ ૧ કરોડ ૫૭ લાખ, મેવાસા નાની વડાળ ૨ કરોડ ૧૦ લાખ, દાધીયા વણોટ રોડ ૧ કરોડ ૫૦ લાખ, જાંબુડા હાડીડા રોડ ૧ કરોડ ૨૨ લાખ, ચીખલી વણોટ રોડ ૧ કરોડ ૫ લાખ, છાપરી લીંખાળા રોડ ૧ કરોડ ૫ લાખ, ભેંકરા લીંખાળા રોડ ૧ કરોડ ૬૮ લાખ, ખાલપર કુંકાવાવ રોડ ૧ કરોડ ૫ લાખ, આંકોલડા એપ્રોચ રોડ ૭૦ લાખ, નવી આંબરડી ખોડીયાણા ૭૩ લાખ ૫૦ હજાર, લીલીયા ભેંસવડી રોડ ૧ કરોડ ૫૦ લાખ, હાથીગઢ હરીપર રોડ ૧ કરોડ ૪૦ લાખ, નાના લીલીયા, લોકા, લોકી, ભેંસવડી રોડ ૧ કરોડ ૮૦ લાખ સાજણટીબા હાથીગઢ રોડ ૧ કરોડ, અને હાથીગઢ ખારા રોડ ૧ કરોડ ૩૫ લાખ જેવી ૨૪ રોડ રસ્તાઓ માટેની ૩૭ કરોડ જેવી માતબર રકમનાં જોબ નંબર સાથે સરકારમાંથી મંજુર કરાવતા ધારાસભ્ય મહેશ કસવાળા હંમેશા કામને પ્રતિબંદ્ધતા આપીને નામનાં નહિ પણ કામનાં કસવાળા અમથા નથી કહેવાયા તે ખરા અર્થમાં ચરિતાર્થ કરી બતાવ્યું છે. ત્યારે સાંસદ નારણ કાછડીયા દ્વારા ઓળીયાથી નાના ભમોદ્રા નોન પ્લાન્ટ નવો રસ્તો માટે ૫ કરોડ ૨૦ લાખ અને સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડથી બાયપાસ ચોકડી સુધી ૪ કરોડ જેવી રકમ પણ મંજુર થઈ છે. ને કુલ સાવરકુંડલા લીલીયા વિસ્તારનાં ગામડાઓનાં ૫૯ કરોડ જેવી રકમ પ્રજાનાં ચુંટાયેલા પ્રતિનિધિ તરીકે સરકારમાંથી જોબ નંબર સાથે લાવવામાં અગ્ર ભૂમિકા ભજવતા ધારાસભ્ય મહેશ કસવાળા ગ્રામીણ ગામડાના માર્ગો પર સુંદરને રળિયામણા બને તે માટે તત્પરતા બતાવી છે. ત્યારે રોડ રસ્તા માટે આવડી મોટી રકમ સરકારમાંથી મંજુર કરાવનારા અમરેલી જિલ્લામાં એકમાત્ર ધારાસભ્ય મહેશ કસવાળા હોય તેવું ગ્રામીણ ગામડાનાં લોકો હરખ ભેર કહી રહયા છે.

## માત્ર દોઢ વર્ષના ધિયાંશમાં ભગવાન રામજીનાં સ્વરૂપની ઝાંખી

અમરેલી, તા. ૨૪

આખું ભારત વર્ષ રામમય બન્યું હતું ત્યારે ધિયાંશ ભાવિકભાઈ મૂળિયાને તેમની માતા દ્વારા બાળ રામ ભગવાનના સ્વરૂપમાં તૈયાર કરવામાં આવ્યો હતો. જયારે ધિયાંશ બાળ રામજીના સ્વરૂપમાં બહાર આવ્યા ત્યારે દિવ્ય સ્વરૂપના દર્શન થતા હતા. શોભાયાત્રાથી માંડી અનેક જગ્યાએ ધિયાંશ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ધિયાંશની ઉંમર માત્ર દોઢ વર્ષ ની જ છે.



''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.





















### વિપક્ષના સંગઠન ઈન્ડિયાને એક પછી એક આંચકા

# તૃણમુલનો પશ્ચિમ બંગાળમાં, આપનો પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડવા નિર્ણય

## પંજાબમાં કોંગ્રેસ સાથે અમને કોઈ લેવા દેવા નથીઃ માન, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ અમારો પ્રસ્તાવ ફગાવી દેતાં અમે આ જાહેરાત કરવા મજબૂર છીએ : મમતા

ચંડિગઢ/કોલકાતા, તા.૨૪

પ.બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસે ઝટકો આપ્યા બાદ હવે પંજાબમાં આમ આદમી પાર્ટી (આપ) એ કોંગ્રેસને સાઈડલાઈન કરી દીધી છે. આપએ સ્પષ્ટ કર્યું છે કે પંજાબમાં પાર્ટી એકલી જ લોકસભા ચૂંટણી લડશે. પંજાબના સીએમ અને આપ નેતા ભગવંત માને કહ્યું કે પંજાબમાં કોંગ્રેસ સાથે અમને કોઈ લેવા દેવા નથી. આમ આદમી પાર્ટીએ પંજાબમાં ૧૩ લોકસભા બેઠકો માટે આશરે ૪૦ ઉમેદવારો પસંદ કર્યા છે. પાર્ટી ૧૩ લોકસભા સીટ માટે ઉમેદવારો માટે સરવે યોજવાની તૈયારીમાં છે. ચંડીગઢ નગર નિગમ ચૂંટણીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન અંગે ભગવંત માને કહ્યું કે આપ પાર્ટી લોકસભાની સીટોને ૧૪ કરી શકે છે કેમ કે એક સીટ ચંડીગઢની પણ છે.

દિલ્હીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન માટે આપ પણ તૈયાર છે. અત્યાર સુધી તો અહીંની સાત સીટોને લઈને કોઈ ફોર્મ્યુલા તૈયાર નથી પણ કોંગ્રેસની રાષ્ટ્રીય ગઠબંધન સમિતિ અને આપ નેતાઓ વચ્ચે સીટ શેરિંગને લઈને બેઠક થઈ ચૂકી છે. બંને પક્ષોએ આ દરમિયન ભાજપ વિરુદ્ધ એકજૂટતા બતાવી છે. મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળમાં લોકસભાની આગામી ચૂંટણીમાં ‘એકલા ચાલો રે’ની નીતિ અપનાવવાની જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું કે ‘કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ અમારો પ્રસ્તાવ ફગાવી દેતાં અમે આ જાહેરાત કરવા મજબૂર છીએ. કોંગ્રેસ દ્વારા મારા કોઈ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યા નહોતા.’ ઉલ્લેખનીય છે કે છેલ્લાં ઘણાં સમયથી કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) વચ્ચે શાબ્દિક યુદ્ધ જોવા મળી રહ્યું હતું. આ દરમિયાન ઈન્ડિયાગઠબંધનના સભ્યો પણ બેઠકોની વહેંચણી મુદ્દે હજુ સુધી કોઈ નિર્ણય સુધી પહોંચી શક્યા નહોતા. આ દરમિયાન મમતા બેનરજીએ કહ્યું કે અમે કોંગ્રેસ અને ડાબેરી પક્ષો સાથે સમજૂતી કરવા માટે ઘણાં પ્રસ્તાવ અને ઓફર આપી હતી પરંતુ તે તમામ ફગાવી દેવામાં આવ્યા જેને લઈને અમારે આ નિર્ણય લેવો પડ્યો છે. મમતા બેનરજી અને તેમની પાર્ટીનો આ નિર્ણય કોંગ્રેસ-ડાબેરી પક્ષો સહિત ઈન્ડિયાગઠબંધન માટે પણ મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. મમતા બેનરજીએ આ સાથે કોંગ્રેસના નેતૃત્વ સામે પણ સવાલો ઊઠાવ્યાં હતાં. મમતા બેનરજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે અમે કોંગ્રેસને કહ્યું હતું કે તે ૩૦૦ બેઠકો પર લોકસભાની ચૂંટણી લડે અને પ્રાદેશિક પક્ષોને તેમના પ્રદેશમાં ભાજપનો મુકાબલો કરવા દે. તેમણે કહ્યું કે પ્રાદેશિક પક્ષો એકજૂટ રહેશે પરંતુ એ પણ સ્પષ્ટ કરી દીધું કે જો તે હસ્તક્ષેપ કરશે તો અમારે ફરી વિચારવું પડશે. મમતા બેનરજીએ કોંગ્રેસને ફક્ત ૨ સીટ આપવાની ઓફર કરી હતી. તેના પર કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી વિફર્યા હતા.

મમતા બેનરજીએ કહ્યું કે અમે જે સૂચન કર્યા હતા તે તમામ નકારી કાઢવામાં આવ્યા. એટલે અમે બંગાળમાં એકલા ચાલો રેની નીતિ અપનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાનું નામ લીધા વિના જ કહ્યું કે તેઓ પ.બંગાળમાં પણ યાત્રા યોજવાના છે. જેની જાણકારી શિષ્ટાચારને નાતે પણ અમને નથી અપાઈ.

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રાનું આસામમાં ઘર્ષણ

# રાહુલ ગાંધી અને કોંગ્રેસના નેતાઓ સામે એફઆઈઆર

## રાજ્ય પોલીસ રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆરનોંધશે અને લોકસભા ચૂંટણી બાદ ધરપકડ કરશે : હિમંતા બિસ્વા

ગુવાહાટી, તા.૨૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા હાલ આસામમાંથી પસાર થઈ રહી છે ત્યારે ગઈકાલે કોંગ્રેસના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. ત્યારે હવે આ મામલે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી, પાર્ટી મહાસચિવ કેસી વેણુગોપાલ, ઈન્ડિયન નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના પ્રભારી કન્હૈયા કુમાર અને અન્ય વ્યક્તિઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની વિભિન્ન કલમો અને પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ એફઆઈઆરનોંધવામાં આવી છે.

આ એફઆઈઆર આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના મંગળવારના એ નિવેદન બાદ નોંધવામાં આવી છે જેમાં તેમણે કહ્યું હતું કે, રાજ્ય પોલીસ રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆરનોંધશે અને લોકસભા ચૂંટણી બાદ તેમની ધરપકડ કરશે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આ મામલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપોસ્ટ કરીને લખ્યું કે, કોંગ્રેસ સદસ્યો દ્વારા હિંસા, ઉશ્કેરણી, સાર્વજનિક સંપત્તિને નુકશાન પહોંચાડવા અને પોલીસ કર્મચારીઓ પર હુમલાના અનિયંત્રિત કૃત્યોના સંદર્ભમાં રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, કન્હૈયા કુમાર અન્ય વ્યક્તિઓ વિરુદ્ધ કલમ ૧૨૦(બી)૧૪૩/૧૪૭/૧૮૮/૨૮૩/૩૫૩/૩૩૨/૩૩૩/૪૨૭ આઈપીસીઆર/ડબલ્યુ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. ખાનપરા વિસ્તારમાં પોલીસ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણની ઘટના બાદ આસામના મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો હતો કે, રાહુલ ગાંધીએ લગભગ ૩૦૦૦ લોકો અને ૨૦૦ વાહનો સાથે ગુવાહાટીમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો હતો. આસામના મુખ્યમંત્રીએ કહ્યું કે પોલીસ તપાસ શરૂ કરશે અને લોકસભા ચૂંટણી બાદ વાયનાડ સાંસદની ધરપકડ કરશે.

### કોંગ્રેસના નેતાના આસામના મુખ્યપ્રધાન પર પ્રહાર

# મારી પર ૨૫ કેસ છે, વધુ ૨૫ કરો, હું ડરતો નથી : રાહુલ ગાંધી

## રાહુલ ગાંધીએ આસામના બારાપેટામાં દાવો કર્યો હતો કે હિમંતા બિસ્વા સરમા દેશના સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી છે

બારાપેટા, તા.૨૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા હાલ આસામમાંથી પસાર થઈ રહી છે ત્યારે તેમણે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા પર આકરા પ્રહારો કરીને કહ્યું કે મને ખબર નથી કે તેમના (હિમંતા બિસ્વા સરમા) મગજમાં ક્યાંથી આવ્યું કે તેઓ રાહુલ ગાંધીને ડરાવી શકે છે. તમે જેટલા ઈચ્છો તેટલા કેસ દાખલ કરો, ’૨૫ કેસ દાખલ છે, વધુ ૨૫ કરી દો, હું ડરતો નથી.’

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આસામના બારાપેટામાં ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન દાવો કર્યો હતો કે હિમંતા બિસ્વા સરમા દેશના સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી છે અને મુખ્યમંત્રીનું નિયંત્રણ સંપૂર્ણ રીતે અમિત શાહના હાથમાં છે, જો હિમંતા બિસ્વા સરમા અમિત શાહ વિરુદ્ધ



કંઈપણ બોલવાની હિંમત કરશે તો તેમને પાર્ટીમાંથી બહાર ફેંકી દેવામાં આવશે. કેરળના વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે મને ખબર નથી કે તેમના (હિમંતા બિસ્વા સરમા) મગજમાં ક્યાંથી આવ્યું કે તેઓ રાહુલ ગાંધીને ડરાવી શકે છે. ’તમે જેટલા ઈચ્છો તેટલા કેસ દાખલ કરો, હું ડરતો નથીપ ૨૫ કેસ દાખલ છે, હજું વધુ ૨૫ કેસ દાખલ કરી દો..’તેનાથી મને કોઈ ફરક પડવાનો નથી. હું ભારતીય જનતા પાર્ટી (બીજેપી)થી કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)થી ડરતો નથી. રાહુલ ગાંધીએ ૧૪ જાન્યુઆરીએ ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરી હતી જે ૧૮ જાન્યુઆરીએ આસામ પહોંચી હતી. અહીં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા વચ્ચે વિવાદ વકરી રહ્યો છે. સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીના નેતાઓ દ્વારા દેખાવ, ઉશ્કેરણી, જાહેર સંપત્તિને નુકસાન અને પોલીસકર્મીઓ પર હુમલાને ધ્યાનમાં રાખીને, રાહુલ ગાંધી, કેસી વેણુગોપાલ, કન્હૈયા કુમાર અને અન્ય નેતાઓ વિરુદ્ધ એફઆઈઆરનોંધવામાં આવી છે.

### ગુજરાતમાં છેલ્લા સપ્તાહથી કાતિલ ઠંડી

# આગામી ત્રણ દિવસમાં ૨ થી ૩ ડીગ્રી તાપમાન વધશે

## ગુજરાતમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી, પવનની ગતિ બદલાતા ઠંડીમાંથી રાહત મળે તેવી સંભાવના

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં છેલ્લા એક અઠવાડિયાથી કાતિલ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આ સાથે જ હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં હજુ ઠંડીનો ચમકારો યથાવત રહેશે. જો કે રાજ્યમાં હાલમાં જે પ્રમાણે ઠંડી પડવી જોઈએ તેટલી નથી પડી રહી.

લોકોને વહેલી સવારમાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે જ્યારે બપોરે હવામાન સામાન્ય થઈ જાય છે. એવામાં હવામાન વિભાગે નવી આગાહી પ્રમાણ આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર નહીં થાય. તેમજ રાજ્યમાં ૨થી ૩ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. તો બીજી બાજુ એક હવામાન નિષ્ણાતે વાતાવરણમાં પલટો આવવાની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન કેન્દ્ર અમદાવાદના અધિકારીએ કહ્યું હતું કે, ગુજરાતમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી. તેમજ આગામી બેથી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. જો કે,તે બાદ રાજ્યમાં બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થવાની શક્યતા દર્શાવી છે. પવનની ગતિ બદલાતા ઠંડીમાંથી રાહત મળશે.

એક હવામાન નિષ્ણાતે રાજ્યના હવામાનને લઈને કહ્યું છે કે, આગામી દિવસોમાં દેશમાં હવામાનમાં મોટા ફેરફાર થવાની સંભાવના દર્શાવી છે. તેમણે કહ્યું કે, આગામી દિવસોમાં ભારે પવનના તોફાનો, કમોસમી વરસાદ અને દેશના ઉત્તર પર્વતિય પ્રદેશો જેમા પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન સહિતના ભાગોમાં તેની અસર થવાની સંભાવના વ્યક્ત કરી હતી. તેમજ ગુજરાતના વાતાવરણ બાબતે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, કચ્છ સહિતના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવી શકે છે. તેમજ લઘુતમ તાપમાન વધી શકે છે અને ઠંડી ઓછી થઈ શકે છે.

ઉત્તર તરફથી આવતા ઠંડા પવનના કારણે રાજ્યમાં ઠંડીમાં વધારો થયો છે. જેથી કરીને રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ગગડ્યો હતો. રાજયનાં ૧૫ શહેરોનું તાપમાન ૧૫ ડિગ્રી નીચે પહોચી ગયું છે. રાજ્યના છેડે આવેલ નલિયામાં ૧૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે રાજ્યમાં ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે.

### અયોધ્યામાં રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા થઈ

# રામ જન્મભૂમિ ટ્રસ્ટનો બીજા ૧૩ મંદિરો માટે પણ મેગા પ્લાન

## આગામી વર્ષોમાં અયોધ્યા માત્ર રામ મંદિર માટે નહીં પરંતુ એક વિશાળ આધ્યાત્મિક ટુરિસ્ટ હબ તરીકે જાણીતું બનશે

અયોધ્યા, તા.૨૪

અયોધ્યામાં એક ભવ્ય કાર્યક્રમમાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ગઈ છે. જોકે, રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનું કામ આટલેથી પૂર્ણ થતું નથી. રામ જન્મભૂમિ ટ્રસ્ટ હજુ બીજા ૧૩ મંદિરો માટે પણ મોટા પ્લાન ધરાવે છે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં રામ જન્મભૂમિ ટ્રસ્ટના ખજાનચી સ્વામી ગુરુદેવ ગિરિજીએ જણાવ્યું કે મુખ્ય મંદિરના નિર્માણનું કામ હજુ ચાલુ છે અને બીજા ઘણા પ્રોજેક્ટ પાર પાડવાના છે.

આગામી વર્ષોમાં અયોધ્યા માત્ર રામ મંદિર માટે નહીં પરંતુ એક વિશાળ આધ્યાત્મિક ટુરિસ્ટ હબ તરીકે જાણીતું બનશે. તેના માટે ઓછામાં ઓછા ૧૩ નવા મંદિરોનું નિર્માણ કરવામાં આવશે. તેમાંથી છ મંદિર રામ જન્મભૂમિના વિશાળ કોમ્પ્લેક્સની અંદર બનશે જ્યારે સાત મંદિર આ કોમ્પ્લેક્સની બહાર બનાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨ જાન્યુઆરીએ જે મુખ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરી તેમાં માત્ર પ્રથમ ફ્લોર છે. હજુ બીજા ફ્લોરનું બાંધકામ ચાલુ છે. ત્યાર પછી શિખર ચઢાવવામાં આવશે. રામ પરિવારના પાંચ મહત્ત્વના મંદિરો બનવાના છે અને તેનું કામ બાકી છે. ભગવાન શ્રી રામને વિષ્ણુના અવતાર ગણવામાં આવે છે. તેથી આ મંદિરના પ્રાંગણમાં જ ભગવાન ગણપતિ, શિવ, સૂર્ય અને જગદંબાના મંદિરો પણ બનાવવામાં આવશે. મુખ્યમંદિરના ચારેય ખૂણા પર આ મંદિરો બનાવવામાં આવશે. આ ઉપરાંત ભગવાન શ્રી રામના પરમભક્ત હનુમાન માટે પણ એક મંદિર બનાવવાની યોજના છે.

આ મંદિરો માટે કામ ચાલુ છે અને મૂર્તિઓ પણ સ્થાપિત કરી દેવાઈ છે. હાલમાં તેને પોલિશ કરવાનું અને ફિનિશિંગ ટચ આપવાનું કામ થઈ રહ્યું છે. આ ઉપરાંત રામજન્મભૂમિ તીર્થના બીજા કેટલાક આયોજન પણ છે. જે મુજબ સીતા તીર્થ નજીક દેવી અન્નપૂર્ણાનું એક મંદિર બનાવવામાં આવશે. મુખ્ય મંદિરના વિશાળ કોમ્પ્લેક્સની બહાર એક મોટી જગ્યા પર સાત મંદિરો બનાવવામાં આવશે. અહીં સંત વાલ્મિકી, વશિષ્ઠ, વિશ્વામિત્ર, દેવી શબરી અને રામ માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર જટાયુના મંદિરો બનશે. આ દરમિયાન રામ મંદિરને સામાન્ય શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યું તેનો આજે બીજો દિવસ છે. ગઈકાલે આશરે ચાર લાખ ભાવિકો દર્શન માટે આવ્યા હતા જેના માટે વ્યવસ્થા ઓછી પડી હતી અને અંધાધૂંધી થઈ હતી. આજે પણ વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં ભાવિકો દર્શન માટે આવી પહોંચ્યા છે. વ્યવસ્થાપકોએ લોકોને અપીલ કરી છે કે અયોધ્યાની મુલાકાત થોડા દિવસો માટે મોકુફ રાખવામાં આવે અને ભીડ ઘટે ત્યારે જ અયોધ્યા આવે.

### ખેડૂત નેતા રાકેશ ટિકૈતે ફરી એકવાર સરકારને ઘેરી

# ખેડૂતોની માગણીને લઈને ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન

લખનૌ, તા.૨૪

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના ભારતીય કિસાન યુનિયન (બીકેયુ)ના પ્રવક્તા રાકેશ ટિકૈતની આગેવાની હેઠળ ખેડૂતોની અનેક માંગણીઓ અંગે એડીએમ વહીવટીતંત્રને એક આવેદન આપીને મહાપંચાયતનું સમાપન કરવામાં આવ્યું હતું. રાકેશ ટિકૈતે સરકારને ઘેરતા કહ્યું કે સરકાર ખેડૂતોને નબળા પાડવાનું કામ કરી રહી છે. મહા પંચાયતમાં શેરડીના ભાવ, મફત વીજળી વગેરે જેવા ખેડૂતોના મુદ્દાને લઈને અવાજ ઉઠાવવામાં આવ્યો હતો.

આ ઉપરાંત રાકેશ ટિકૈતે જગાહેડી ટોલ પર ચાલી રહેલી ભારતીય કિસાન યુનિયનની મહાપંચાયતમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ સાથે તેમણે કહ્યું હતું કે ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર માર્ચ કાઢીશું. આ સિવાય યુનાઈટેડ કિસાન મોરચા (એસકેએમ)ના આહ્વાન પર ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું પણ એલાન કરવામાં આવ્યું છે. ખેડૂતો પણ આ બંધના એલાનમાં જોડાશે. અમે દુકાનદારોને ૧૬મી ફેબ્રુઆરીએ તેમની દુકાનો ન ખોલવાની પણ અપીલ કરી છે. આ ઉપરાંત બેરોજગારી, એમએસપીગેરંટી એક્ટ, પેન્શન, અગ્નિવીર જેવા મુદ્દા ઉઠાવવામાં આવશે. આ પછી ખેડૂતોની અનેક માંગણીઓને લઈને મુખ્યમંત્રીના નામે એડીએમ વહીવટીતંત્રને આવેદન આપવામાં આવ્યું હતું. આવેદનમાં માંગણી કરવામાં આવી છે કે પીન્ના હાઈવે પર અંડરપાસ કે બ્રિજ બનાવવાને લઈને ખેડૂતો ઘણાં સમયથી વિરોધ કરી રહ્યા છે જેનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. આ સિવાય શેરડીનો ભાવ ૪૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરતા ઓછો સ્વીકારાશે નહીં. આ ઉપરાંત મફત વીજળીની જાહેરાત છતાં પણ ખેડૂતોને બિલ ભરવા પડે છે અને નવા કનેક્શન પાછળ ઘણો ખર્ચ કરવો પડે છે. ખેડૂતોને ડીઝલ, સાધનો, ખાતર અને બિયારણ પર છૂટની વ્યવસ્થા હોવી જોઈએ.

### લોકસભાની ચૂંટણી પહેલાં અફવાઓનું બજાર જોરમાં

# કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાવાની વાત અર્જુન મોઢવાડિયાએ નકારી

અમદાવાદ, તા.૨૪

છેલ્લાં કેટલાક સમયથી પોરબંદરના કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી અહેવાલ મળ્યા હતા કે અર્જુન મોઢવાડિયા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ભાજપમાં જોડાઈ શકે છે. જોકે, હવે તેમણે સ્પષ્ટતા કરીને આ વાત નકારી કાઢી છે.

આ દરમિયાન તેમણે પોતાના રાજીનામાની વાતને પાયાવિહોણી ગણાવી હતી. તેમણે આ અંગે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર પોસ્ટ કરતા લખ્યું હતું કે ’મારા કોઈ પણ ખુલાસા વિના વિવિધ મીડિયા ચેનલોમાં મારા ભાજપમાં જોડાઈ રહ્યાની વાતો થતી હતી. તેનો કોઈ આધાર નથી. હું કોંગ્રેસમાં છું અને પક્ષનો ચૂંટાયેલો ધારાસભ્ય છું.’

### ગુરુ વિના જ્ઞાન કેવી રીતે?

# શિક્ષણ વિભાગની બેવડી નીતીથી વિદ્યાર્થીઓ પરેશાન

અમદાવાદ, તા.૨૪

આગામી માર્ચ માસમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આવી રહી છે, જેના કારણે શાળાઓમાં પરિણામ ઊંચું આવે તેવા આયોજન થઈ રહ્યા છે. બીજી તરફ મોટાભાગની શાળાઓમાં શિક્ષકો જ નથી. પ્રવાસી શિક્ષકો સામે સરકાર જ્ઞાન સહાયક યોજના લાવી પણ મોટાભાગની શાળાઓમાં જ્ઞાન સહાયક શિક્ષકો હાજર જ થયા નથી. તેવામાં પ્રવાસી શિક્ષકોની મુદત આજથી પૂર્ણ થતા પ્રવાસી શિક્ષકોને કાઢી મૂકવા આદેશ થયા છે, ત્યારે શાળાઓમાં શિક્ષકો જ નહીં હોય તો વિદ્યાર્થીઓને ભણાવશે કોણ અને પરિણામ કેવી રીતે ઊંચું આવશે તેના પર સવાલો ઉઠ્યા છે. શિક્ષણ વિભાગની આ બેવડી નીતિથી વિદ્યાર્થીઓ પરેશાન છે. રાજ્ય સરકારે રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા માટે જ્ઞાન સહાયક યોજના અમલમાં મુકી હતી. જેમાં ટેટ ટાટની દ્વી સ્તરીય પરીક્ષા પદ્ધતિ દ્વારા જ્ઞાન સહાયકોની ૧૧ માસના કરાર આધારિત ભરતી કરવાની હતી. બીજી બાજુ પ્રવાસી શિક્ષકોની યોજના રદ કરવાની હતી પણ જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતીમાં વિલંબ થયો. જેના કારણે ઘણી શાળાઓમાં શિક્ષકો ન હોવાથી સ્કૂલ સંચાલકોની રજૂઆતના પગલે પ્રવાસી શિક્ષકોની યોજના છ મહિનામાં લંબાવવામાં આવી. હવે ૨૪ જાન્યુઆરીથી પ્રવાસી શિક્ષકોની આ મુદત પૂરી થઈ રહી છે. બીજી બાજુ હજુ પણ જ્ઞાન સહાયક શિક્ષકોના ઠેકાણા નથી. આગામી માર્ચ માસમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની ગુજરાત બોર્ડની પરીક્ષા આવી રહી છે. ત્યારે મોટાભાગની શાળાઓમાં શિક્ષકો નથી. મોટાભાગની શાળાઓમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો જ નથી. ત્યારે વિદ્યાર્થીઓને આ ગુરુઓ વગર જ્ઞાન કેવી રીતે મળશે તે એક સૌથી મોટી સમસ્યા છે. એક તરફ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને લઈ ૩૦ ટકાથી ઓછું પરિણામ લાવતી શાળાઓનું પરિણામ સુધારવા બેઠકો જિલ્લા શિક્ષણ અધિકારીઓ દ્વારા શરૂ થઈ છે, પણ જો શાળાઓમાં શિક્ષકો જ નહીં હોય તો વિદ્યાર્થીઓને ભણાવશે કોણ અને કેવી રીતે વિદ્યાર્થીઓ અને શાળાઓનું પરિણામ ઉચું આવશે તે યક્ષ પ્રશ્ન છે. શિક્ષણ વિભાગની આ બેવડી નીતિના કારણે વિદ્યાર્થીઓ હેરાન થઈ રહ્યા છે અને શાળાઓના સંચાલકોમાં રોષ ફેલાયો છે.

### ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવમાં કડાકો

# ક્રૂડના ભાવ ૮૦ ડોલરે પહોંચતા પેટ્રોલ-ડિઝલના ભાવમાં રાહતની આશા

## ચૂંટણી અગાઉ ફીલ ગુડનું વાતાવરણ સર્જવા માટે સરકાર પેટ્રોલ અને ડીઝલનો ભાવ ઘટાડી શકે તેવી સ્થિતિમાં છે

નવી દિલ્હી, તા.૨૪

ભારતમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર મતદારોને મોંઘવારીમાંથી રાહત આપવા માટે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો કરે તેવી શક્યતા છે. સરકાર અત્યારે ફ્યુઅલના ભાવ ઘટાડી શકે તેમ છે કારણ કે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવમાં કડાકો આવ્યો છે. રશિયા -યુક્રેન યુદ્ધના કારણે એક સમયે ૧૧૦ ડોલર નજીક પહોંચી ગયેલો ક્રૂડ ઓઈલનો ભાવ હવે ૮૦ ડોલરથી પણ નીચે આવી ગયો છે.

ચૂંટણી અગાઉ ફીલ ગુડનું વાતાવરણ સર્જવા માટે સરકાર પેટ્રોલ અને ડીઝલનો ભાવ ઘટાડી શકે તેવી સ્થિતિમાં છે કારણ કે હવે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડના ભાવની ચિંતા નથી. રેટિંગ એજન્સી ઈકરાએ જણાવ્યું કે સરકારી માલિકીની ઓઈલ કંપનીઓના માર્જિનમાં મોટો વધારો થયો છે. ઓઈલ કંપનીઓ એક લિટર પેટ્રોલના વેચાણ પર ૧૧ રૂપિયા નફો કરે છે જ્યારે ડીઝલમાં લિટર દીઠ ૬ રૂપિયા નફો થાય છે.

યુક્રેન વોરના કારણે ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરથી ઉપર ગયો ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ ઘણા વધી ગયા હતા. ત્યાર પછી મે ૨૦૨૨માં સરકારે રાહત આપીને બંને ફ્યુઅલના ભાવ ઘટાડ્યા હતા. ત્યારથી લઈને અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર છે અને તેમાં કોઈ ફેરફાર કરાયો નથી.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની માંગ ઘટવાના કારણે તેનો ભાવ હવે ૮૦ ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગયો છે. લિબયા અને નોર્વેમાં ક્રૂડના ઉત્પાદનમાં વધારો થયો છે તેથી પશ્ચિમી એશિયાની અશાંતિ વચ્ચે પણ ક્રૂડમાં નરમાઈ છે. ભારત સરકારે દર પખવાડિયે ક્રૂડ ઓઈલના ભાવ પ્રમાણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર કરવાની નીતિ બંધ કરી દીધી ત્યારથી ઓઈલ કંપનીઓને ક્યારેક નફો તો ક્યારેક ખોટ જાય છે. તેથી અત્યારે પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ભારે નફો થતો હોવા છતાં બંને ફ્યુઅલના ભાવમાં કોઈ ઘટાડો થયો નથી. પરંતુ ચૂંટણી અગાઉ લોકોને ખુશ કરવા માટે ભાવ ઘટી શકે છે. આગામી ત્રણ મહિના પછી ચૂંટણી થશે અને નવી સરકાર આવશે. ત્યાર પછી ક્રૂડના ભાવ પ્રમાણે ફ્યુઅલના ભાવનું ગણિત નક્કી કરવા માટે તેની પાસે ૧૨ મહિનાનો સમય હશે. ફ્યુઅલ રિટેલરોએ જુલાઈ અને સપ્ટેમ્બર ૨૦૨૩ વચ્ચે નફો કરવાનું શરૂ કરી દીધું હતું. ત્યાર પછી ઓક્ટોબરથી તેનો નફો વધવા લાગ્યો હતો, પરંતુ તેમણે પંપ પ્રાઈસમાં કોઈ ઘટાડો કર્યો ન હતો. જોકે, જિયો-બીપી અને નાયરાએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એક રૂપિયા પ્રતિ લિટરનો કાપ મૂક્યો હતો. આમ કરવા પાછળનું કારણ રાજકીય વધારે હતું. તે સમયે ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી અને બ્રોકરેજિસે અંદાજ મૂક્યો હતો કે ૨૦૨૩ના અંત સુધીમાં ઓઈલ માર્કેટ ટાઈટ થશે અને ૨૦૨૪ સુધી ચાલશે. તેથી રિટેલરોને નફો વધારીને એક બફર બનાવવાની છુટ અપાઈ હતી. જેથી જ્યારે ઓઈલના ભાવ વધે ત્યારે તેમણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવો ન પડે.

દેશે ૨૨ જાન્યુઆરીએ ફરીથી દિવાળીની ઉજવણી કરી હતી

# બાબર કાળનો ઊંડો ઘા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાથી ભરાઈ ગયો : અમિત શાહ

## ગૃહમંત્રીએ કહ્યું કે, ઔરંગઝેબે કાશી વિશ્વનાથ મંદિરને નષ્ટ કર્યું હતું, મોદીએ જ આટલા વર્ષો પછી તેનું નવીનીકરણ કરાવ્યું અને ત્યાં કોરિડોર બનાવ્યો

નવી દિલ્હી, તા.૨૪

દેશે ૨૨ જાન્યુઆરીએ ફરીથી દિવાળીની ઉજવણી કરી હતી. ૫૦૦ વર્ષની રાહ જોયા બાદ અયોધ્યાએ ફરી પોતાના રામના દર્શન કર્યા. અયોધ્યાના નવનિર્મિત રામ મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા સંપૂર્ણ વિધિ-વિધાન સાથે સંપન્ન થઈ હતી.

આ ઐતિહાસિક દ્રશ્ય માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વએ જોયું. આ અવસર પર માત્ર અયોધ્યા જ નહીં પરંતુ સમગ્ર દેશ રામમય હતો. બધાની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. સર્વત્ર જય શ્રી રામના નારા, ભગવા ઝંડા અને ફટાકડા જોવા મળ્યા હતા.

ભાજપે આ વાત મોદી માટે ગેરંટી તરીકે રજૂ કરી છે. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ બાદ લોકોને સંબોધિત કરતી વખતે પીએમએ કહ્યું હતું કે બધું રામમાં જ છે. આ ક્ષણ અલૌકિક છે. આ ઘડીમાં આપણે બધા ભગવાન રામના આશીર્વાદ પામીએ છીએ. આ શ્રેણીમાં, મંગળવારે ગુજરાતના અમદાવાદના રાણીપ વિસ્તારમાં શ્રી રામજી મંદિરનું પુનર્નિર્માણ કાર્ય પણ પૂર્ણ થયું હતું, જેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભાગ લીધો હતો. શાહે મંગળવારે કહ્યું હતું કે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરના અભિષેક સમારોહથી લગભગ ૫૦૦ વર્ષ પહેલા મુઘલ શાસક બાબરના શાસન દરમિયાન લાગેલા ઊંડા ઘા રૂઝાયા છે. અમદાવાદમાં 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહમાં હાજરી આપવા આવેલા શાહે કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ મંદિરમાં 'પ્રાણ પ્રતિષ્ઠા' કરીને નોંધપાત્ર કામ કર્યું છે. સમગ્ર વિશ્વમાં ભગવાન રામના ભક્તો છેલ્લા ૫૦૦ વર્ષથી આ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા.

તેઓ પૂછી રહ્યા હતા કે ભગવાન રામને તંબુમાંથી ભવ્ય મંદિરમાં ક્યારે બિરાજમાન કરવામાં આવશે. બાબરના જમાનામાં આપણા હૃદયમાં જે ઊંડો ઘા હતો તે ભૂંસી નાખ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૧૪ પહેલાની સરકારો દેશની સંસ્કૃતિ, ધર્મ અને ભાષાઓનું સન્માન કરવામાં ડરતી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ વધુમાં કહ્યું કે, ઔરંગઝેબે કાશી વિશ્વનાથ મંદિરનો નાશ કર્યો હતો. મોદીએ જ આટલા વર્ષો પછી તેનું નવીનીકરણ કરાવ્યું અને ત્યાં કોરિડોર બનાવ્યો. બાબરે અયોધ્યામાં રામ મંદિરનો નાશ કર્યો હતો. હવે, ત્યાં એક રામ મંદિર બનાવવામાં આવ્યું છે અને વડાપ્રધાન મોદીએ જય શ્રી રામના નારાઓ વચ્ચે પ્રાણ પ્રતિષ્ઠા કરી છે.

ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો

# વડિયા-કુંકાવાવનાં કોલડા ગામે વિવિધ વિકાસકાર્યોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## બસ સ્ટેન્ડ, પાણીની લાઈન સહિતનું થયું લોકાર્પણ

અમરેલી તા. ૨૪

અમરેલી જિલ્લામાં વિકાસકાર્યો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે. અમરેલીના કુંકાવાવ તાલુકાના કોલડા મુકામે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અંદાજિત કુલ રૂા.૩ લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત બસ સ્ટેશનનું લોકાર્પણ સંપન્ન થયું હતુ. ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેચ્યુ, ગામ પ્રવેશ દ્વાર સહિત પાણી પુરવઠા વિભાગ અંતર્ગત પાણીની ટાંકીનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં વિકાસકાર્યો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લામાં પણ વિવિધ વિકાસકાર્યો વેગવંતા છે. નાગરિકોની સુવિધાઓમાં વધારો થાય ઉપરાંત આંતરમાળખાકીય સુવિધાઓ ડેવલપ થાય તે માટે સરકાર પ્રતિબદ્ધ છે. કુંકાવાવ તાલુકાના કોલડા મુકામે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ કાર્યક્રમમાં સ્થાનિક


આગેવાનો, ગ્રામજનો સહિત સૌ ઉપસ્થિત રહ્યા હતાં.

આગામી ૨૭ જાન્યુઆરીને શનિવારનાં રોજ

# અમરેલીનાં વેપારી અગ્રણી ગીરીશભાઈ ભટ્ટનાં આંગણે ચિ. નિલનો શુભલગ્નોત્સવ

## ચિ. દિવ્યા સાથે પ્રભુતામાં પગલા પાડશે

અમરેલી, તા. ૨૪

અમરેલીનાં વેપારી અગ્રણી ગીરીશભાઈ ભટ્ટનાં સુપુત્ર ચિ. નિલનાં શુભલગ્ન ચાવંડ નિવાસી અને હાલ અમરેલીમાં રહેતા સ્વ. ભરતભાઈ ભટ્ટની સુપુત્રી ચિ. દિવ્યા સાથે આગામી ૨૦ જાન્યુ.ને શનિવારનાં શુભદિને શ્યામવાડી, અમરેલી ખાતે નિરધાર્યા હોય અને ભોજન સમારંભ શુક્રવાર બપોરે ૧૨ કલાકે ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ વાડી ખાતે હોય આમંત્રિતોને ઉપસ્થિત રહેવા ભટ્ટ પરિવારે અનુરોધ કરેલ છે.



# રાજુલા : શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા કોલેજના વિદ્યાર્થીનીની અનેરી સિદ્ધિ

રાજુલા, તા. ૨૪

શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ, રાજુલામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુરેશી શહેનૂર અલનવાઝભાઈ 'સ્વરસંગમ' સાંસદ સાંસ્કૃતિક મહોત્સવમાં તાલુકા કક્ષાએ લોકગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઉતીર્ણ થયેલ. આ સફળતા અંતર્ગત કેમ્પસ ડાયરેકટર ડો. જિજ્ઞેશભાઈ વાજા, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી અને આચાર્યા ડો. રીટાબેન રાવળ દ્વારા ઉતરોતર પ્રગતિની


શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

સમગ્ર પંથકની જનતા શ્રીરામમય બની

# વીજપડી ખાતે શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ધાર્મિક કાર્યક્રમો યોજાયા

## શોભાયાત્રા, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો થયા

વીજપડી, તા. ૨૪

સાવરકુંડલાનાં વીજપડી ગામે અયોધ્યા શ્રી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પાવન પ્રસંગે તમામ દેશ વાસીઓ મહોત્સવ મનાવી રહ્યો છે. ત્યારે વીજપડી ગામે પણ આ મહોત્સવ ઉજવેલ. શોભાયાત્રા, પ્રસાદી તેમજ મહા આરતી, હવન તેમજ ગામને અયોધ્યા નગરી જેવું સૂશોભિત કરેલ અને હિન્દુ-મુસ્લીમોએ ધંધા રોજગાર બંધ રાખી કોમી એકતા અને ભાઈચારાથી આનબાન શાનથી શ્રી રામ લલ્લા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. ગામ નાં આગેવાનોએ સુંદર મજાનું આયોજન કરેલ. વીજપડી સુખનાથ મંદિરનાં પુજારી પ્રકાશગીરી બાપુ તથા શૈલેષદાદા ત્રીવેદી, જતીનદાદા ત્રીવેદી દ્વારા સુખનાથ મહાદેવ મંદિર ખાતે હવન, મહા આરતી, પ્રસાદ જેવા સુંદર આયોજન કરાવેલ હતું. તેમ સમીર ખોખરે જણાવેલ છે.



સર્વાનુમતે નિર્ણય કરાયો

# લીલીયા મોટા તાલુકા સમસ્ત બ્રહ્મસમાજનાં હોદેદારોની વરણી થઈ

## પ્રમુખ તરીકે કિશોરભાઈ પાઠકની જવાબદારી

લીલીયા, તા.૨૪

લીલીયા તાલુકા સમસ્ત બ્રહ્મસની ગાયત્રી મંદિર ખાતે એક અગત્યની મિટિંગ મળી હતી જેમાં સંગઠન મજબુત બનાવવા લીલીયા તાલુકા ાસમસ્ત બ્રહ્મ સમાજનાં હોદેદારોની સર્વાનુંમતે વરણી કરવામાં આવેલ હતી.

જેમાં પ્રમુખ તરીકે કિશોરભાઈ પાઠક, ઉપ પ્રમુખ મનોજભાઈ જોષી દિપકભાઈ ભટ્ટ, મહામંત્રી મિતેષભાઈ પંડયા નિલેશભાઈ મહેતા, સહમંત્રી વિષ્નુભાઈ જોષી, મહેશભાઈ ત્રિવેદી, કિશોરભાઈ આચાર્ય ધવલભાઈ વ્યાસ, સંગઠન મંત્રી હિતેષભાઈ ત્રિવેદી, દિપકભાઈ પંડયા, ખજાનશી કિશોરભાઈ જોષી, જૈમિનભાઈ પાઠક, જયેશભાઈ મહેતા, સહિત કારોબારી સભ્ય તરીકે પ્રફુલભાઈ રઢિયા, કિર્તીભાઈ દવે, કિરીટભાઈ દવે, અમિતભાઈ આચાર્ય, અતુલભાઈ પંડયા, સંદિપભાઈ જોષીની વરણી કરવામાં આવેલા હતી.

પાલક માતા પિતા યોજના હેઠળ સહાય મેળવતી

# અનાથ દીકરીને સરકારની લગ્ન સહાય યોજના હેઠળ રૂા. ૨.૦૦ લાખની સહાય મળી

## કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૪

ગુજરાત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, હેઠળનાં નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગુ.રા.ગાંધીનગર દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા વિભાગ હેઠળ ચાલતી પાલક માતા પિતા યોજના હેઠળ સહાય મેળવતી અનાથ દિકરીઓ અને કોરોનાં સમયગાળા દરમ્યાન અનાથ અને એકવાલી થયેલ દીકરીઓ માટે "માન.મુખ્યમંત્રી બાળ સેવા યોજના"ઓ હેઠળ જે દીકરીઓ સહાય મેળવે છે. તેવી દીકરીઓ ૧૮ વર્ષ પૂર્ણ કર્યેથી લગ્ન કરે તેવા સમયે તે દીકરીને રૂા.૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ)ની સહાય મળવા અંગેની યોજના રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં વર્ષ-૨૦૨૩-૨૪ માં અમલવારીમાં મુકેલ છે. આ યોજનાની સહાય વિતરણ કાર્યક્રમ તા. ૧૮/૧/૨૦૨૪ ના રોજ સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના કેબિનેટમંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા,ભિખુસીંહજી પરમાર, રાજય મંત્રી અધ્યક્ષ પણા હેઠળ ગાંધીનગર ખાતે યોજાયો હતો જેમાં અમરેલી જિલ્લા ખાતેથી સાવરકુંડલાની "અનાથ દીકરી" અક્ષીતાબેન જયંતીભાઈ ગોપાલકાને લગ્ન સહાય યોજના હેઠળ રૂા.૨.૦૦ લાખની સહાય અક્ષીતાબેનના બેંક ખાતામાં ડીબીટીનાં માધ્યમથી જમા કરવામાં આવેલ.

અયોધ્યામાં રામલલ્લાના દર્શન માટે ભારે ઘસારો

# રામમંદિરમાં હવે સવારે ૭થી રાતના ૧૧ સુધી દર્શન થઈ શકશે

## અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા બાદથી અત્યાર સુધી લગભગ પાંચ લાખથી પણ વધુ શ્રદ્ધાળુએ રામલલાના દર્શન કર્યા

અયોધ્યા, તા.૨૪

અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સ બાદ ગઈકાલથી જ રામ ભક્તો મોટી સંખ્યામાં રામલલાના દર્શન કરવા પહોંચી રહ્યા છે ત્યારે ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને મંદિર પ્રશાસને દર્શનનો સમય વધારવાનો નિર્ણય લીધો છે જેમાં હવે ભક્તો સવારે ૭ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા સુધી રામલલાના દર્શન કરી શકશે. આ પહેલા સાંજના સાત વાગ્યા સુધીનો જ હતો. અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા બાદથી અત્યાર સુધીમાં લગભગ પાંચ લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓએ રામલલાના દર્શન કરી લીધા છે. આ દરમિયાન ભારે ભીડને કારણે થોડી અરાજકતા પણ જોવા મળી હતી. જોકે, પોલીસ-વહીવટી તંત્રએ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર રામલલાના દર્શન કરવા માટે ભક્તોનું આગમન સતત ચાલુ છે ત્યારે ગઈકાલની પરિસ્થિતિ જોતા આજે યુપી સરકારે અયોધ્યાની મુલાકાતે આવનાર વીઆઈપીલોકોને અપીલ કરી છે. સરકાર દ્વારા વીવીપીમહેમાનોને કહેવામાં આવ્યું છે કે તેઓ આગામી ૧૦ દિવસ સુધી અયોધ્યા ન આવે. આ સાથે એમ પણ કહ્યું છે કે જો આવે તો વહીવટીતંત્ર અથવા શ્રી રામ જન્મભૂમિ ક્ષેત્ર ટ્રસ્ટને જાણ કરીને આવે, જેથી કરીને તેઓને વધુ સારી સુવિધા પૂરી પાડી શકાય. હાલ અયોધ્યામાં ખુબ જ ભીડ જોવા મળી રહી છે, ત્યારે એડીજી કાયદો અને વ્યવસ્થા પ્રશાંત કુમારે કહ્યું કે રામ ભક્તોને સવારે ૭ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી દર્શન કરી શકશે.

શેરબજારમાં ભારે અફરાતફરી બાદ તેજી

# સેન્સેક્સમાં ૬૯૬, નિફ્ટીમાં ૨૨૭ પોઈન્ટનો વધારો નોંધાયો

મુંબઈ, તા.૨૪

બુધવારે અસ્થિર ટ્રેડિંગ પછી, બીએસઈસેન્સેક્સ ૬૯૬ પોઈન્ટના વધારા સાથે ૭૧૦૬૬ પોઈન્ટના સ્તરે બંધ કરવામાં સફળ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૨૭ પોઈન્ટ વધીને ૨૧૪૬૬ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં બે ટકાનો વધારો નોંધાયો હતો જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક લીલા નિશાનમાં બંધ થયા હતા.

જો આપણે શેરબજારમાં ગતિ દર્શાવતી કંપનીઓની વાત કરીએ તો હિન્દાલ્કો, ડો. રેડ્ડીઝ, ટાટા સ્ટીલ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં વધારો નોંધાયો છે, જ્યારે આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, એશિયન પેઈન્ટ્સ અને અદાણી પોર્ટ્સના શેરમાં નબળાઈ પર બંધ. રેલ્વે સ્ટોક્સમાંથી નફો બુક કરો, આ બે કંપનીઓ સોલાર રૂફટોપના રોલ આઉટથી મોટો નફો મેળવશે. શેરબજારના અસ્થિર ટ્રેડિંગ સમયગાળા દરમિયાન, બુધવારે હિન્દાલ્કોના શેરમાં ૪.૩૫ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે ડૉ. રેડ્ડીઝ અને ટાટા સ્ટીલના શેર ચાર ટકાના વધારા સાથે બંધ થયા હતા. ઈન્ડસઈન્ડ બેંક, એચસીએલ ટેક, પાવર ગ્રીડ અને ટેક મહિન્દ્રાના શેર ત્રણ ટકાથી વધુ વધ્યા હતા.

બુધવારે જે શેરોમાં નબળાઈ જોવા મળી હતી તેની વાત કરીએ તો આઈસીઆસીઆઈ બેંકના શેર ૩ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા જ્યારે એક્સિસ બેંક, એશિયન પેઈન્ટ્સ, અદાણી પોર્ટ્સ, એચડીએફસી લાઈફ, એલટીઆ માઈન્ડટ્રી, ટીસીએસના શેરમાં પણ નબળાઈ નોંધાઈ હતી. એચસીએલઅને આઈડીબીઆઈ બેંકના શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચી ગયા છે. આ સાથે મોતીલાલ ઓસવાલ, બોરોસિલ રિન્યુવલ્સ, ઈન્ડસ ટાવર્સ, સ્ટર્લિંગ વિલ્સન સોલર અને એલેમ્બિક ફાર્માના શેર પણ ૫૨ સપ્તાહની ટોચે પહોંચી ગયા છે.

વેદાંત ફેશન, નવીન ફ્લોરિન, એચડીએફસીબેંક અને વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝના શેર ૫૨ સપ્તાહના નીચલા સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે. બુધવારે અદાણી પોર્ટ્સના ૧.૭૦ કરોડ શેરનો વેપાર થયો હતો, જ્યારે ડોક્ટર રેડીઝ, અદાણી એન્ટરપ્રાઈઝ, આઈટીસી, લાર્સન એન્ડ ટુબ્રો, એશિયન પેઈન્ટ્સ અને આઈશર મોટર્સના શેરમાં પણ ઘણું વોલ્યુમ જોવા મળ્યું હતું.

જો બુધવારના ભાવની ક્રિયા અનુસાર ચાલતા શેર વિશે વાત કરીએ તો, સિપ્લા, એરટેલ, પાવર ગ્રીડ, ડૉ. રેડ્ડીઝ, સન ફાર્મા, અપોલો હોસ્પિટલ અને ટેક મહિન્દ્રાના શેરની કિંમતની ક્રિયા મજબૂત રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

નિર્મલા સીતારામન ૧ ફેબ્રુ.એ બજેટ-૨૪ રજુ કરશે

# બજેટમાં કપાતની મર્યાદા ૨.૫૦ લાખ થવાની આશા

## ૨૦૧૪ના ઓલ્ડ ટેક્સ રિજિમ હેઠળ ટેક્સ સ્લેબમાં ફેરફાર ન થયા, જેના કારણે લોકો પર ટેક્સનો બોજો વધી રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૪

નિર્મલા સીતારામન ૧ ફેબ્રુઆરીએ બજેટ ૨૦૨૪ રજુ કરશે. અંતિમ બજેટ રજુ થવાને બસ હવે થોડા જ દિવસો બાકી રહ્યા છે, ત્યારે તેમને પહેલાથી જ એ સ્પષ્ટ કર્યું છે કે આ વર્ષે બજેટમાં ખાસ ફેરફાર જોવા નહિ મળે. તેમ છતાં લોકોને ટેક્સમાં રાહત બાબતે થોડી આશા છે.

હાલમાં, કલમ ૮૦ સીસીઆઈ મુજબ, કલમ ૮૦સી, ૮૦સીસીસીઅને ૮૦ સીસીડી(૧) હેઠળ ઉપલબ્ધ મહત્તમ મર્યાદા પ્રતિ વર્ષ રૂ. ૧.૫૦ લાખ છે. ૨૦૧૪માં રૂ. ૧.૫૦ લાખની આ મર્યાદાને સુધારીને રૂ. ૧ લાખ કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે રૂ. ૨.૫૦ લાખ સુધી થઈ શકે છે. વર્ષ ૨૦૧૪ના ઓલ્ડ ટેક્સ રિજિમ હેઠળ ટેક્સ સ્લેબમાં ફેરફાર ન થયા, જેના કારણે લોકો પર ટેક્સનો બોજો વધી રહ્યો છે. એવામાં હવે ટેક્સ સ્લેબમાં ફેરફાર થવાની આશા છે.

જૂની ટેક્સ સિસ્ટમ પ્રમાણેના હાલના ટેક્સ સ્લેબ

- ૩ લાખ સુધીની આવક પર નહીં લાગે કોઈ ટેક્સ
- ૩-૬ લાખ રૂપિયા સુધીની આવક પર લાગશે ૫ ટકા ટેક્સ
- ૬-૯ લાખ રૂપિયા સુધીની આવક પર લાગશે ૧૦ ટકા ટેક્સ
- ૯-૧૨ લાખ રૂપિયાની આવક પર ૧૫ ટકા વ્યાજ
- ૧૨-૧૫ લાખ રૂપિયાની આવક પર ૨૦ ટકા વ્યાજ
- ૧૫ લાખ અને તેનાથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્સ

હાલમાં NPSમાંથી ૬૦ ટકા સુધીની રકમ ઉપાડવા પર કોઈ ટેક્સ લાગતો નથી. પાકતી મુદત પૂરી થવા પર, રકમના ૬૦ ટકા સુધી ઉપાડવાની પરવાનગી આપવામાં આવે છે. બાકીની ૪૦ ટકા રકમમાંથી એન્યુટી લેવામાં આવે છે. જે ટેક્સ હેઠળ આવે છે. આવી સ્થિતિમાં તેને ટેક્સ પર છૂટ હેઠળ લાવવામાં આવે તેવી માંગ છે. આવકવેરા કાયદાની કલમ ૮૦સીહેઠળ, રહેણાંક મકાન માટે હોમ લોનની મૂળ રકમની ચુકવણી માટે કરપાત્ર આવકમાંથી રૂ. ૧.૫ લાખ સુધીની કપાતની મંજૂરી છે. જો કે જીવન વીમા યોજના, સરકારી યોજના અને અન્ય સહિત અન્ય કોઈપણ યોજનાઓ હેઠળ પણ આ કપાત લઈ શકાય છે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે લોકોને રાહત આપવા માટે, હોમ લોનની ચુકવણી માટે એક અલગ ટેક્સ બાબતે છૂટછાટ રજૂ કરવામાં આવી શકે છે.

# ખાંભા પંથકમાં શ્રીરામ મંદિર પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરાઈ






તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા

સમગ્ર વિશ્વ સહિત પુરા ભારતમાં તારીખ ૨૨/૧/૨૦૨૪ સોમવારના રોજ સદીઓ બાદ અયોધ્યાના નિજ મંદિરમાં પ્રભુ શ્રીરામ બીરાજમાન થયાં હોય જે અંગે સમગ્ર ભારતમાં ઠેર ઠેર ઉજવણી થઈ રહી છે. ત્યારે ખાંભાના ગાંધી ચોકમાં પણ ભવ્ય દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ખાંભા મુકામે દિવ્ય ઉજવણીમાં સંત સંમેલનની સાથે સાથે જુના કાર સેવકો તથા વર્ષો પહેલા રામ મંદિર માટે યોગદાન આપનાર જૂના કાર્યકર્તાઓનું સન્માન કરવામા આવ્યું હતું. સાથો સાથ રાત્રિના આતશબાજી તેમજ રાસ ગરબા તથા સ્કૂલના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ લેસર શો તથા બાળકો માટે વેશભૂષાનો કાર્યક્રમ તેમજ બહેનો માટે શણગારેલ બેડા અને આરતીની સ્પર્ધા રાખવામાં આવી હતી. અને સમગ્ર ખાંભા શહેરને ધજા, પતાકા, રોશનીથી સુશોભિત કરવામાં આવેલ છે અને ખાંભા શહેરના રામ મંદિર પર મહા આરતી કરવામાં આવી હતી. અને સમગ્ર કાર્યક્રમના અંતે ૧૦૦૧ દિવડાની આરતી કરવામાં આવી હતી અને ભવ્ય ધાર્મિક ઉત્સવમાં ખાંભા શહેરના રાજકીય આગેવાનો તેમજ રામ ભકતો, બહેનો, બાળકો, સંતો સહિત ઉપસ્થિત રહ્યા હતાં અને ધાર્મિક ઉત્સવને સફળ બનાવ્યો હતો. પોલીસ સ્ટાફ દ્વારા પૂરતો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

## અવસાન નોધ

**મોટી કુંકાવાવ :** મોટી કુંકાવાવ નિવાસી રામજી મંદિરનાં મહંત સ્વ. બળવંતભાઈ લખીરામભાઈ લશ્કરી જે ડો. પ્રભુદાસભાઈ લશ્કરીનાં અનુજ તથા મિલનભાઈ, સેજલબેન અને રૂચીબેનનાં પિતાશ્રી તથા જતીનભાઈ, જીજ્ઞાબેન તથા પુનમબેનનાં કાકા તથા ધ્યેયભાઈ લશ્કરીના દાદા તા. ૨૨/૧/૨૪ નાં રોજ સાકેતવાસ થયેલ છે. તેમનું બેસણું તા. ૨૬/૧/૨૪ શુક્રવારનાં રોજ મોટી કુંકાવાવ સાંજે તેમના નિવાસસ્થાને રાખેલ છે.

**અમરેલી :** નવગામ ભાટીયા, અમરેલી નિવાસી સ્વ.વિજયભાઈ મોહનલાલ આશર (ઉ.૬૦) (ચંદન ટાઈલ્સવાળા) તે ચંદુભાઈ આશર તથા નટવરભાઈ આશરનાંભાઈ તા.૨૩/૧/૨૦૨૪ને મંગળવારનાં રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સદગતનું ઉઠમણું તા.૨૫/૧/૨૦૨૪ને ગુરૂવારનાં રોજ સાંજે ૪:૦૦ કલાકે સોની મહાજન વાડી, જુની ઈન્કમટેક્ષ ઓફિસ સામે, મ્યુ. ગર્લ્સ સ્કુલ રોડ, અમરેલી મુકામે રાખેલ છે.

**ધારી :** (દશાશ્રીમાળી સ્થાતકવાસી જૈન) અરવિંદભાઈ કેશવલાલ સંઘરાજકા (બટુકભાઈ) ઉ.વ.૮૬, તે સ્વ. કેશવલાલ ઝવેરચંદ સંઘરાજકાનાં પુત્ર, ભરત તથા મનોજના પિતાશ્રી, શોભા તથા મયુરીનાં સસરા સેતુ, ધૈર્ય તથા ડોલી સિધ્ધાર્થ રૂપારેલીયાનાં દાદા, જુનાગઢ નિવાસી સ્વ. વનેચંદ અમીચંદ રૂપાણીનાં જમાઈનું તા.૨૩/૧/૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૨૯/૧/૨૦૨૪ને સોમવારનાં રોજ સવારે ૧૦ કલાકે રાખેલ છે. સ્થળ : જૈન ઉપાશ્રય ધારી

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૮ | ૧૪૬૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૩૦ | ૯૬૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૧ | ૧૨૪૪ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૪૦૨ |
| ૩ | શિંગદાણા | ૧૩૧૫ | ૧૩૯૯ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૩૬૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૫ | ૩૦૩૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૪૭૫ | ૪૧૯૦ |
| ૭ | બાજરો | ૩૯૩ | ૪૮૭ |
| ૮ | જુવાર | ૯૩૫ | ૧૨૫૦ |
| ૯ | ઘઉં બંસી | ૫૨૭ | ૫૨૭ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૫૦૫ | ૬૪૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૯ | ૬૨૬ |
| ૧૨ | મકાઈ | ૫૮૫ | ૫૮૫ |
| ૧૩ | અડદ | ૧૭૨૦ | ૧૮૯૦ |
| ૧૪ | ચણા | ૯૧૫ | ૧૧૩૧ |
| ૧૫ | તુવેર | ૧૩૨૫ | ૨૦૯૬ |
| ૧૬ | કપાસ | ૧૦૪૬ | ૧૪૫૫ |
| ૧૭ | એરંડા | ૧૦૫૧ | ૧૧૨૯ |
| ૧૮ | જીરૂ | ૫૭૦૧ | ૫૭૦૧ |
| ૧૯ | રાયડો | ૯૨૯ | ૯૨૯ |
| ૨૦ | ધાણા | ૧૧૮૫ | ૧૩૬૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## સિંહો ટ્રેઈન હડફેટે ચડી ગયા

વિભાગનીગુનાહિતબેદરકારીથીસિંહોની હાલત શેરી–ગલીઓમાં રખડતા શ્વાન કરતાં પણ વધારે દયનીય બની છે. છેલ્લા ૬ મહિનામાં અર્ધો ડઝન સિંહ કે સિંહણ ટ્રેઈનહડફેટેચડવાથીઈજાગ્રસ્તબન્યાકે મોતને પણ ભેટયાની ઘટનાથી સિંહપ્રેમીઓઅકળાઈઉઠયાછે.

જયારે જયારે સિંહોનાં કમોતની ઘટના બને એટલે વન અધિકારીઓ અને વનમંત્રી કડક કાર્યવાહી કરાશે અને હવે સિંહોની સુરક્ષા વધારાશે જેવી ગુલબાંગો ફેંકયા કરે છે અને બાદમાં સિંહોની સમસ્યાને ભૂલી જવામાં આવે છે.

દરમિયાનમાંરાજુલાનાંપૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેરે સોશ્યલ મીડિયામાંવિડીયોનિવેદનજાહેરકરીને સરકાર સમક્ષ રાજુલા–જાફરાબાદ વિસ્તારમાં સિંહોની સુરક્ષા માટે પાર્ક બનાવવાની માંગ કરી છે. અન્યથા આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૩૫ |
| ૨ | મગફળી | ૧૧૮૦ | ૧૧૮૧ |
| ૩ | ઘઉં | ૫૪૦ | ૫૬૭ |
| ૪ | ચણા | ૯૬૦ | ૧૦૬૫ |
| ૫ | તુવેર | ૧૬૫૫ | ૧૭૦૦ |
| ૬ | અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૭ | સોયાબીન | ૮૬૫ | ૮૬૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૦ | ૧૪૭૨ |
| ૨ | મગફળી | ૧૧૭૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૩૦ | ૨૮૦૦ |
| ૪ | ઘઉં | ૪૫૬ | ૬૧૪ |
| ૫ | ચણા | ૯૧૦ | ૧૦૩૦ |
| ૬ | સોયાબીન | ૮૩૮ | ૮૮૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૯૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૭૫ | ૧૩૯૨ |
| ૩ | તલ સફેદ | ૨૬૬૦ | ૩૦૫૫ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૬૫ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૩૫ | ૬૧૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૪૨ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૦૨ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૮૫૦ |
| ૧૦ | મકાઈ | ૩૫૦ | ૪૫૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૦૭૫ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |
| ૧૩ | તુવેર | ૧૬૨૦ | ૨૦૬૩ |
| ૧૪ | એરંડી | ૬૦૦ | ૮૫૦ |
| ૧૫ | ધાણા | ૯૦૦ | ૧૩૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## ખાંભામાં જનતાનાં પરસેવાનાં પૈસાથી

વગરના આ બંને કવાર્ટર્સમાં આરોગ્ય વિભાગના ચોપડાઓ, દવાઓ સહિતની લાખો રૂપિયાની ચીજ વસ્તુઓ ભંગાર હાલતમાં પડી હોય કોઈ કારણ વગર આરોગ્ય વિભાગની ખાંભા ખાતેની ઓફિસ દ્વારા અને અધિકારીઓ દ્વારા કોઈ દિવસ સ્થળ ઉપર મુલાકાત ન કરાતી હોવાથી અને બારી–દરવાજાની ગ્રીલ વગરના દરવાજાને તાળા પણ ન મારતા અસામાજિક તત્વોનાં અડ્ડા સમાન બન્યું છે.

ખાંભાના ભગવતીપરા ખાતે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ભાડાના મકાન ગોતવાનું શરૂ કરેલ છે પરંતુ આરોગ્ય વિભાગની માલિકીના કવાર્ટર્સ તેઓની નજરે ચડતા નથી. અંદાજે ૬,૦૦૦ ની વસ્તી ધરાવતા ખાંભાના ભગવતીપરા વિસ્તાર કે જે ખેતી, પશુપાલન અને મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા પરિવારોની વસ્તી ધરાવતા વિસ્તારનાં રહીશોને નાની–મોટી બીમારીમાં બે કિ.મી ચાલીને ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નાની–મોટી બીમારીની સારવાર લેવા જવું પડતું હોય અથવા ખાનગી દવાખાને નાણાં ખર્ચી દવા, સારવાર માટે જવું પડતું હોવાથી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી ભાડાના મકાનમાં ભગવતીપરામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરી બાદમાં ત્વરિત કાર્યવાહી કરી ઉપરોકત નર્સિંગ સ્ટાફની વિશાળ જગ્યામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવાય તેવું ભગવતીપરાનાં નાગરિકો ઈચ્છી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ગૌચરણ બચાવવા

વજાભાઈ મેર, ભોળાભાઈ વજાભાઈ મેર તથા લાલાભાઈ વજાભાઈ મેરે પોતાનો સમાન ઈરાદો પાર પાડવા બાવચંદભાઈ ગેલાભાઈ મેરના ઘરમાં હથિયાર ધારણ કરી ગેરકાયદેસર પ્રવેશ કરી આરોપીઓએ તેના હાથમાં રહેલ લોખંડના પાઈપથી આધેડને માથાના ભાગે એક ઘા મારેલ તથા આધેડના દીકરા સાજણને માથા તથા મોઢાના ભાગે બે ઘા મારી તથા સાહેદ આધેડના પત્નિ લીલાબેનને ડાબા હાથના કાંડા પાસે તથા આધેડને ડાબા હાથની આંગળી ઉપર લાકડીનો એક ઘા મારી તથા લીલાબેનને લાકડીથી આડેધડ માર મારી જેમ ફાવે તેમ ગાળો આપી આધેડને માથાના ભાગે અગીયાર ટાંકા તથા લીલાબેનને ડાબા ગાલ ઉપર એક ટાંકો તથા શરીરે મુંઢ ઈજા કરી તથા સાજણભાઈને માથામાં ફેકચર તથા હેમરેજ કરી જાનથી મારી નાખવાના ઈરાદે માથામાં મરણતોલ ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

તો આ બનાવમાં સામાપક્ષે વિપુલભાઈ ઉર્ફે વિભાભાઈ વાજાભાઈ મેરે પણ આરોપી બાવચંદભાઈ ગેલાભાઈ મેર, સાજણભાઈ બાવચંદ મેર તથા લીલાબેન બાવચંદભાઈ મેર સહિત ત્રણ સામે સરકારી પડતર જમીનમાં ઉકરડા કરવા બાબતનુ મનદુઃખ હોય જેનું મનદુઃખ રાખી આરોપીઓએ કુંડલીવાળી લાકડી વડે વિપુલભાઈને માથામાં એક ઘા મારી દસ ટાંકા લાવી તથા ભોળાભાઈને માથાના ભાગે લાકડીનો એક ઘા મારી મુંઢ ઈજા કરી તેમજ જેમ ફાવે તેમ ગાળો આપ્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૨ | ચણા | ૭૧૦ | ૧૦૩૨ |
| ૩ | મગફળી | ૯૦૦ | ૧૦૪૫ |
| ૪ | તુવેર | ૧૩૪૦ | ૧૮૧૦ |
| ૫ | બાજરો | ૪૯૪ | ૪૯૪ |
| ૬ | ઘઉં લોકવન | ૫૧૪ | ૫૫૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૬ | ૫૮૬ |
| ૮ | ધાણા | ૯૮૦ | ૧૦૦૫ |
| ૯ | સોયાબીન | ૮૩૦ | ૮૭૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૭૫ | ૧૩૮૦ |
| ૧૧ | જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | ચણા સફેદ | ૯૮૦ | ૯૮૦ |
| ૧૩ | અડદ | ૧૫૫૦ | ૧૫૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં આજે સાંજે

દેશભકિત ધમાકેદાર કૃતિઓ, અમિત વાઘેલા, અભય, જશપાલ બેન્ડ પ્રસ્તુત શ્રી ક્રિષ્ના ઈવેન્ટ દ્વારા દેશભકિતના ગીતો સારહી યૂથ કલબ ઓફ અમરેલીના સેવા વર્ષની ઉજવણીના ભાગરૂપે થશે. આપણા ગણતંત્ર દિનની પૂર્વ સંધ્યાએ અમરેલી શહેરમાં દેશભક્તિના માહોલ આ કાર્યક્રમ દ્વારા થશે. આ કાર્યક્રમમાં પધારવા અમરેલીની રાષ્ટ્રપ્રેમી જનતાને ભાવભર્યુ નિમંત્રણ સારહિ યૂથ કલબના પ્રમુખ મુકેશ સંઘાણી અને નગરપાલિકાના પ્રમુખ બિપિન લિંબાણી દ્વારા પાઠવવામાં આવે છે.તેમ યાદીમાં જણાવ્યુ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## દેશી દારૂ અને માંસ મટનનો જથ્થો

ગૌરવ અપાવવા જેવું સુંદર કાર્ય કરતાં જનપ્રતિનિધિઓ અને સરકારી તંત્રનાં અધિકારીઓ પણ આશ્ચર્યચકિત બની ગયા છે.

વિગત એવા પ્રકારની છે કે, વડીયા તાલુકાના હનુમાન ખીજડિયા ગામના લોકોમાં આક્રોશ વ્યાપ્યો છે. ૨૦ તારીખથી ગ્રામજનોએ એક અનોખી મુહિમ શરૂ કરી છે. એક તરફ અયોધ્યામાં શ્રીરામ મંદિરની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને બીજી બાજુ હનુમાન ખીજડિયા ગામના ૫૦૦ થી ૬૦૦ લોકોએ એક અનોખી ભિષ્મ પ્રતિજ્ઞા લીધી છે કે અયોધ્યામાં રામ ભગવાન બિરાજમાન થાય ત્યારથી ગામની અંદર દારૂ, માંસ, મટનનું વેચાણ ન થવું જોઈએ. આ મુહિમમાં ગ્રામજનોએ બે જનતા રેડ કરી જે ગામની બારોબાર રહેતા એક દેવીપૂજક જે દેશી દારૂ અને કુકડાને કાપીને એમનું માંસ વેચતા ત્યાં રાત્રીના સમયે ગ્રામજનોએ જનતા રેડ કરતા પ્રથમ દિવસે એકી સાથે ૨૦ લીટર ઉપરાંત દેશી દારૂ ઝડપાયો અને સાથે અમુક કુકડા જે ગ્રામજનોએ વડીયા પોલીસને બોલાવી કાયદાકીય કાર્યવાહીઓ કરી હતી. પરંતુ ગ્રામજનોને તંત્ર તરફથી પૂરતો સંતોષ ન મળતા ફરી બીજા દિવસે રાત્રીના એ જગ્યા પર ગ્રામજનોનું ૫૦૦થી ઉપરાંતનું ટોળું પહોંચીને ત્યાં તપાસ કરી હતી. તો ફરી એ જગ્યા પરથી દેશી દારૂ ઉકાળ વાની ભઠી, કોલસા જેવી ચીજવસ્તુઓ વગેરે મળી આવ્યા હતા અને ખેડૂતો રહયા અને જગતનો તાત એટલે જમીનમાં ખાડો ખોદી દાટેલ વસ્તુની પણ પરખ થઈ ગઈ. ત્યાં જમીનમાં પોલાણ જણાતા ખેડૂતોએ ખોદયુ તો ત્યાંથી ૫૦ લિટરના બે કેરબાઓ મળી આવ્યા અને એ એટલી દુર્ગંધ મારતા હતા કે એ આથો મળી આવ્યો. ફરી વડીયા પોલીસને જાણ કરીઅને ત્યાં પોલીસને સાથે લાવીને પહોંચ્યા હતા અને આથાને એક બોટલમાં ભરીને ૫૦ લિટરના બે કેરબાઓને નદીમાં ઢોળી નખાયા હતા. ત્યારે સમગ્ર ગ્રામજનોએ ત્રીજા દિવસે પણ સંતોષ ન થતા સ્થાનિક ગ્રામ પંચાયતે મહિલા સરપંચને આવેદનપત્ર પાઠવ્યું હતું કે ગામની અંદર માંસ મટન કે દારૂનું વહેંચાણ કરતા વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ હનુમાન ખીજડિયા ગામનાં અને હાલ અમરેલી જિલ્લા કોંગ્રેસ કિસાન મોરચાના પ્રમુખ સત્યમ મકાણી, તાલુકા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ જયસુખ ભુવા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમર આ ત્રણેય નેતાનું ગામ ત્યાં ગ્રામજનોને આ મુહિમ શરૂ કરવી પડતી હોય તો જીલ્લા અને તાલુકાભરની સ્થિતિ શું હશે એ પણ કોંગ્રેસ અને ભાજપના સત્તાધીશો અને તંત્રની સામે મોટો સવાલ ઉદભવી રહ્યો છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૩૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૭૨૭ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૪ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૦૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૪૧ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૧૧૦૧ |
| ૮ | મકાઈ | ૪૦૧ | ૫૦૧ |
| ૯ | તલ પીળા | ૪૦૦૦ | ૪૦૧૧ |
| ૧૦ | ચણા | ૯૬૦ | ૧૦૫૧ |
| ૧૧ | જીરૂ | ૪૯૦૦ | ૪૯૦૦ |
| ૧૨ | રાય | ૮૦૦ | ૧૦૪૦ |
| ૧૩ | સોયાબીન | ૬૦૦ | ૮૭૦ |


# કાંચરડી ખાતે ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા ''ફરી એકવાર મોદી સરકાર''ના નારા સાથે વોલ પેઈન્ટિંગ કરાયું






૧૪ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન દેશના વિવિધ મંદિરોની સફાઈ કરવા માટે મહા અભીયાન સંદર્ભે ભકિતભાવ પૂર્વક જનકભાઈ તળાવીયાએ પોતાના પ્રવાસ દરમિયાન લાઠી તાલુકાના હીરાણા ગામે રોકડિયા હનુમાનજી આશ્રમ, બાબરા ખાતે આવેલ તાપડીયા આશ્રમ, બાબરા તાલુકાના સમઢીયાળા ગામે રામજી મંદિર તેમના વતન કાચરડી ગામે આવેલ તમામ મંદિરો સહિતના મંદિરોમાં જય શ્રીરામના જય ઘોષ સાથે મંદિરોની સફાઈ કરી હતી. આગામી લોકસભાની ચૂંટણી ૨૦૨૪ ના નગારે ઘા વાગી રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા વોલપેન્ટિંગ અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે ત્યારે ધારાસભ્ય જનક તળાવીયા એ પોતાના વતન કાચરડીથી વોલ પેઈન્ટિંગ નો શુભારંભ કરાવ્યો હતો. આગામી લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જંગી બહુમતીથી જીતાડી અને ફરીથી દેશમાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ વાળી સરકાર બનાવવા માટે અમરેલી જીલ્લો કમર કસી રહ્યો છે ત્યારે અમરેલી જિલ્લામાં તેમજ લાઠી બાબરા વિધાનસભામાં આ અભિયાન હેઠળ ગામેગામ, શહેરે શહેરની દીવાલો ઉપર ભારતીય જનતા પાર્ટી દ્વારા વોલ પેન્ટિંગ કરવામાં આવશે, કમળના નિશાન અને ભાજપના જય ઘોષ સાથે કાર્યકરો આ અભિયાનમાં જોડાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં જ ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આ અભિયાનમાં ભાગ લીધો હતો ત્યારે ભાજપના સૌ કાર્યકર્તા પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શન હેઠળ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની સુચના દ્વારા સંગઠનના કાર્યમાં કામે લાગી ગયા છે. લાઠી બાબરામાં અભિયાન વેગવંતુ બનાવવા માટે આગામી દિવસોમાં ગામેગામ આ ચિત્રો કરવામાં આવશે. લાઠીના કાંચરડી ખાતે ધારાસભ્ય જનક તળાવીયા એ શંખનાદ કરી અને આ અભિયાનનો શુભારંભ કર્યો હતો. આગામી સમયમાં તમામ ગ્રામ્ય વિસ્તારમાં આ વોલ પેન્ટિંગ કરવા માટે સૌ કાર્યકર્તાને કામે લાગવા આહવાન કર્યુ હતું. કાંચરડી ખાતે યોજાયેલ વોલ પેન્ટિંગ શુભારંભ પ્રસંગે તાલુકા તેને શહેરના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ગામના આગેવાનો સહિત ગામ લોકો આ અભિયાનમાં જોડાયા હતા.

# અમરેલીનાં દત્તમંદિર ખાતે રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ધાર્મિક કાર્યક્રમો યોજાયા






ભવ્ય ભાતીગળ દીપોત્સવ દ્વારા રામલ્લાની આરતી નું આયોજન કરવામાં આવ્યું જેમાં ડો.ગજેરા, ડો.પી.પી.પંચાલ (ટ્રસ્ટી) ડો.ગાંધી (ટ્રસ્ટીશ્રી) અમૃતરાવ ઘોરપડે (ટ્રસ્ટીશ્રી) ડો.નિલેષ ઝાલાવાડીયા, ડો.વિજય પરિખ, ડો.ચિરાગ કોલડિયા, હંસાબેન જોશી, ઈલાબા પરમાર સાથે તમામ ભકતોએ મહાપ્રસાદ,ચંદન, ચોખા, કળશ, કુમકુમ અત્તર ફૂલો અર્પણ કરવામાં આવ્યા.

## વડિયાના કોલડા ગામ અયોધ્યા ખાતે શ્રીરામ મંદિર પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવને લઇને ભકિતના રંગે રંગાયું


વડિયા, તા. ૨૪

કુકાવાવ થી નજીક આવેલ કોલડા ગામમાં આજે ભગવાન શ્રીરામની અવધભૂમિમાં જયારે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે નાનકડા રળીયામણા ગામના લોકો પણ ભકિતરસથી તરબોળ બનેલ હતા. સોનામાં સુગંધ ભળે તેમ ગુજરાત રાજય વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક તેમજ કુંકાવાવ વડીયા તાલુકાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના વરદહસ્તે નવા બસ સ્ટેન્ડ, સરદાર સર્કલ, પાણીનો ટાંકો, પ્રવેશ દ્વાર તેમજ સ્મશાન હોલનું લોકાર્પણ કરવામાં આવેલ હતું.



આજનાં આ પ્રસંગે ગામના પ્રવેશદ્વારના દાતા ભીખુભાઈ હરિભાઈ તથાં રમેશભાઈ હરિભાઈ સોરઠીયા, સરદાર સર્કલનાં દાતા વિનુભાઈ શામજીભાઈ સોરઠીયા, સ્મશાન હોલનાં દાતા જીતુભાઈ ગોરધનભાઈ સોરઠીયા, મોક્ષરથનાં દાતા ભીખુભાઈ હરિભાઈ સોરઠીયા, પીવાના પાણીના ટાંકો તેમજ બસસ્ટેન્ડ ગ્રામ પંચાયત દ્વારા બનાવવામા આવેલ હોય ત્યારે સહું દાતાઓનું સન્માન કરવામાં આવેલ હતું. કોલડા ગામના પરમ ભકત શ્રી કોલવાબાપાને વાઘા(વસ્ત્રો)અર્પણ કરવામાં આવેલ હતા. સવારથી જ અયોધ્યા જેવા અનેરા આનંદ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે બપોરે ગામ સમુહની આરતી ભગવાન શ્રીરામના રામજી મંદિરમાં આરતી સ્તુતિ થાળ વગેરે ભાવથી અર્પણ કરવામાં આવેલ હતા જયારે બપોરે ૨:૦૦ થી ૫:૩૦ કલાક સુધી ભગવાનની ભવ્ય શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું તેમજ સાંજના ગામનું ધુવાડા બંધ મહાપ્રસાદ અને રાત્રીના રાસ ગરબાની રમઝટ સાથે મોજ લોકો એ મનભરી માણેલી હતી. આ પ્રસંગે કોલડા સરપંચ ભરતભાઈ ગોંડલિયા, ઉપસરપંચ વિઠ્ઠલભાઈ સોરઠીયા, માજી સરપંચ રમેશભાઈ સોરઠીયા, ભરતભાઈ વઘાસિયા તેમજ ગામના વરીષ્ઠ અગ્રણીઓની ઉપસ્થિતિ સાથે સાથે ભાવેશભાઈ સોરઠીયા, વસંતભાઈ સોરઠીયા, અશોકભાઈ માધડ, નિલેશભાઈ સિધ્ધપરા, ઉપેન્દ્રભાઈ સોરઠીયા અને કોલવા યુવક મંડળની ઉપસ્થિતિ રહેલ હતી.

## 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' નિમિત્તે બાલિકા વંદના



કાશ મારે દીકરી હોત !
જાત ના આટલી બેફિકરી હોત,
પરાણે વ્હાલી લાગતી લાડકડી હોત.
મારી પીડા ને મારતી મારકણી હોત,
કાશ મારે ઢીંગલી હોત !
મોજ ને ફકત મોજ નકરી હોત,
જો મારે ય પરી હોત.
ઉનાળે બરફની પાટ,
શિયાળે હૂંફાળી સગડી હોત.
રાવણના હાથે સીતાની રાખડી હોત,
કાશ રાવણને ય દીકરી હોત!
ગોપીઓ ને કાન્હો ના છોડી ગયો હોત,
જો કાન્હાનેય દીકરી હોત !
જાત ના આટલી અહમે વકરી હોત,
સિંહ સમો હું માંડવે બકરી હોત.
જમાઈની પાદુકા પ્રેમે પકડી હોત,
કઢણમંગલા વિદાયની ઘડીઓ હોત.
હું ય સેથી મોટો દાનેરી હોત,
કન્યાદાન ની તક મળી હોત !
જાન સાથે 'જાન નીકળી હોત.
હું વાંઝિયો, પૂરીશ વહુમાં આ ખોટ.
'પુત્ર થી વધૂ' માં જ મળશે દીકરીની શોધ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## હિન્દુસ્તાનની સભ્યતાનું નામ જ ગૌસેવા છે : આચાર્ય વિનોબા ભાવે



ગૌરક્ષા વિના માનવ રક્ષા સંભવ નથી – ભગવાન મહાવીર ગૌ માતાની સેવા – રક્ષાનો સંકલ્પ કરીએ.ગાય આપણા આરાધ્યની આરાધ્યા છે. ગૌ માતામાં સમગ્ર દેવી દેવતાઓ નિવાસ કરે છે. ગૌ માતાની સેવાથી પૂર્વજોની પણ સદગતી પ્રાપ્ત થાય છે. આજના આ યુગમાં ભગવાનને તો અનેક પ્રકારનાં ભોગો ધરવામાં આવે છે.પરંતુ તેમની પ્રાણ પ્યારી ગૌમાતા ઘણી જગ્યાએ ભૂખી – તરસી જોવા મળ છે.ગૌમાતાની સેવાનો પથ સંકલ્પ લઈએ. ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ ? ભારતની દેશી કુળની ગાયનાં દૂધ, દહીં, ઘી જ ઉપયોગ કરીએ. પંચગવ્ય નીર્મિત દવાઓનો ઉપયોગ કરીએ. ગૌ આધારિત જૈવિક ખેતી અપનાવીએ. ગૌ આધારીત ગ્રામોદ્યોગ ની સ્થાપના કરીએ. એક પરિવાર થકી એક ગાયનું પાલન પોષણ કરીએ. ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીએ. ગૌશાળા શરૂ કરવામાં નિમિત બનીએ. ગૌ સારવાર કેન્દ્રો હોસ્પીટલને મદદરૂપ થઈએ. માંગલિક કાર્યો અને શુભ અવસરો પર ગૌમાતા માટે મંગલવિધિ અપનાવીએ. જન્મદિવસ, લગ્ન સંસ્કાર જેવા તેમજ અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ.દિકરીને એક ગાયનું દાન આપીએ. ગોપાલકોને આદર અને સન્માન આપીએ. ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીએ. દરરોજ ગૌમાતાનાં દર્શન કરીએ. વર્ષમાં અનેક વખત ગૌશાળા – પાંજરાપોળોની મુલાકાત લઈએ. ગૌ ઉત્સવો જોરોશોરોથી ઉજવવાની શરૂઆત કરીએ. ગૌ સેવા અર્થે પ્રકાશિત થતી પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ તેમજ મીડિયામાં ગૌસેવાનો પ્રચાર કરીએ. ગૌ રક્ષા, ગૌપાલન અને ગૌ સંવર્ધન સહિતનાં ગૌ સેવાનાં તમામ કાર્યોમાં સહયોગ આપીએ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## વીકટર ગામે જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય બાલીકા દિવસની ઉજવણી કરવામાં આવી

રાજુલા, તા. ૨૪

૨૪મી જાન્યુઆરીના સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય બાલીકા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય ભારતીય કિશોરીઓ પોતાના હકો અંગે જાગૃત થાય તેમજ તેના આરોગ્ય અને પોષણ અને સ્ત્રી માટે ઘડાયેલા કાયદાઓથી વાકેફ થાય તેવો છે. ત્યારે આજના ખાસ દિવસની ઉજવણી જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા અમલીકૃત સ્ત્રી સશકિતકરણ કાર્યક્રમ અંતર્ગત વીકટર હાઈસ્કુલ ખાતે ૧૨૦ કિશોરીઓ સાથે રાષ્ટ્રીય બાલીકા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા બ્રેસ્ટ કેન્સર ઉપર કામ કરતી આશીર્વાદ ફાઉન્ડેશ–અમદાવાદ અને હનુમંત હોસ્પીટલ–મહુવા સાથે સંકલન કરવામાં આવ્યુ હતુ તેમજ આશીર્વાદ ફાઉન્ડેશનના મીતાબેન અને પારૂલબેન દ્વારા કિશોરીઓને બ્રેસ્ટ કેન્સર અંગે વિસ્તૃત માહીતી આપી. છાતીનાં કેન્સરથી થતી સમસ્યાઓ અને તેના નિવારણ અંગે જાગૃત કરવામાં આવેલ તેમજ હનુમંત હોસ્પિટલનાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.રિતિકા ગણાત્રા દ્વારા કિશોરીઓમાં માસીક ધર્મને લગતી તકલીફો અને માસીક ધર્મ અંગે રહેલી પરંપરાગત માન્યતાઓમાંથી બહાર નિકળીને વૈજ્ઞાનિક ઢબે માસીક ધર્મને સ્વિકારવા અને તે અંગે થતી તકલીફોમાં ગાયનેક ડોકટરોની સલાહ લેવા અંગે તાલીમ બધ્ધ કરવામાં આવી હતી તેમજ કાર્યક્રમનાં અંતે જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા દરેક કિશોરીઓને યુનિપેડસ કંપનીનાં રીયુઝેબલ પેડસનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા વીકટર હાઈસ્કુલના આચાર્ય કરશનભાઈ ડાંગર અને તેમના સમગ્ર સ્ટાફ દ્વારા ખુબજ સહકાર આપવામાં આવ્યો હતો તેમજ જીએચસીએલમાંથી સમગ્ર સી.એસ.આર. ટીમ સહભાગી થઈ હતી.



## જાળીયા મુકામે રામલલ્લા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને શોભાયાત્રા



અમરેલી, તા. ૨૪

સમગ્ર દેશમાં આજે રામલલ્લા અયોધ્યા પધાર્યા હોય સાથે તેની અમરેલીનું જાળિયા ગામ પણ રામમય બન્યું હતું. બાળ કોથી લઈને સૌ કોઈ ભગવાન શ્રી રામની શોભાયાત્રામાં જોડાયા હતા.ઉત્તરપ્રદેશ સ્થિત અયોધ્યામાં નવનિર્મિત રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને સમગ્ર દેશ રામમય બન્યો છે. બાળકોથી લઈને સૌ કોઈ રામલલ્લાના ગુણગાન કરી રહ્યા છે. સમગ્ર ભારતવર્ષ અનેક વર્ષોથી આ દિવ્ય ક્ષણોના સાક્ષી બનવા માટે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં હતુ. દેશના ચારેય ખુણે ઉત્તરથી લઈને દક્ષિણ અને પૂર્વથી લઈને પશ્ચિમ સુધી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ત્યારે અમરેલી જિલ્લામાં પણ ઠેર ઠેર શોભાયાત્રાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતુ. આવુજ એક સુંદર આયોજન અમરેલી તાલુકાના જાળિયા મુકામે ગ્રામજનોએ શોભાયાત્રાનું આયોજન હાથ ધર્યુ હતુ. રામજી મંદીરથી શોભાયાત્રા જય જયશ્રી રામના ગગનભેદી નારા સાથે નીકળી સમગ્ર ગામમાં ફરી હતી. સૌ જાળિયા નિવાસીઓ હર્ષોલ્લાસથી આ યાત્રામાં જોડાયા હતા. ઉપરાંત જાળિયા ગ્રામજનોએ રામ મંદિર નિર્માણને લઈને બાળ સ્વરૂપ રામલલ્લાને વધાવ્યા હતા.

## દેવકા વિદ્યાપીઠમાં શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

અમરેલી, તા.૨૪

દેવકા વિદ્યાપીઠમાં ૨૨મી જાન્યુઆરી ભગવાન શ્રીરામજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામ ધૂમથી ઉજવવામાં આવેલ.

આ તકે દેવકા વિદ્યાપીઠનાં પ્રાથમિક વિભાગનાં બાળકો દ્વારા રામાયણનાં વિવિધ પાત્રો શ્રીરામ, સીતાજી, લક્ષ્મીજી, હનુમાનજી, શબરી, રાવણ, ઉર્મિલા, મંથરા જેવા પાત્રોનો અભિનય કરવામાં આવેલ તેમજ સુંદર નૃત્ય, ગીત, ધૂન દ્વારા પોતાનાં ભાવવ્યકત કરવામાં આવેલ. દેવકા વિદ્યાપીઠના કેમ્પસમાં ફટાકડા અને આતશબાજી વડો દિવાળી જેવી ઉજવણી કરવામાં આવી હતી. આ તકે ભગવાતાચાર્ય પ.પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. સંસ્થાનાં ચીફ કો.ડિ.ઓડિનેટર ડી.એચ.ગોયાણીએ રાજીપો વ્યકત કર્યો હતો. તેમજ સમગ્ર કાર્યક્રમમાં શાળાનાં આચાર્ય બેલાબેન નાયક તેમજ હરેશભાઈ જેઠવાએ માર્ગદર્શન પુરૂં પાડેલ.



# અમરેલી ખાતે શ્યામ યુવક મંડળ અને સેવા સંઘ દ્વારા શ્રી રામ શોભાયાત્રા યોજાઇ






શ્રી રામ જન્મભૂમિ અયોધ્યામાં મૂર્તિ પ્રતિષ્ઠા નિમિતે શ્રી રામ શોભાયાત્રા સારથી રેસીડેન્સીથી શ્યામવાડી લીલીયા રોડ સુધી આયોજિત કરેલ હતી. જેમાં સેવા સંઘના અને શ્યામ યુવક મંડળના તમામ સભ્યો અને સમાજના દરેક મંડળો તેમજ સમાજના દરેક ભાઈઓ, બહેનો, વડીલો, બાળકો બહોળી સંખ્યામાં જોડાયા હતા. મહિલા મંડળ તરફથી ભગવાન રામ, લક્ષ્મણ, જાનકી, હનુમાનજી અને માતા શબરીની વેશભૂષામાં બહેનોને તૈયાર કરીને ખાસ આકર્ષણ કરેલ હતું અને શોભાયાત્રામાં ફટાકડા ફોડી અને ડી.જે. સિસ્ટમ પર ભગવાનના ધાર્મિક ગીત વગાડી ભાઈઓ, બહેનોએ તેના પર રાસ–ગરબા પણ લીધા હતા. સરસ આયોજન બદલ સેવા સંઘ અને શ્યામ યુવક મંડળના દરેક સભ્યોને વડીલો એ આશીર્વાદ આપેલ હતા, કે આજ રીતે સમાજના આવા સરસ કાર્યો કરતા રહો, સેવા સંઘ પ્રમુખ અને શ્યામ યુવક મંડળના પ્રમુખે સર્વે જ્ઞાતિજનોનો અને ધર્મપ્રેમી ભાઈઓ, બહેનોનો આભાર પણ વ્યકત કરેલ હતો. સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી ની યાદીમા જણાવે છે.

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૫-૨૬, ગુરૂ-શુક્ર જાન્યુઆરી-૨૦૨૪
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. મો. ૯૯૭૮૯ ૬૬૬૨૯
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો • આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો • પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને


## જનતા દિવસ–રાત મહેનત કરીને સરકારી તિજોરીમાં નાણા ભરે અને તેનો થાય દુરૂપયોગ

# આલેલે : ખાંભામાં જનતાનાં પરસેવાનાં પૈસાથી બનેલ ક્વાર્ટર બિસ્માર બન્યા

- અઢી દાયકા પહેલા બનેલ આરોગ્યકર્મીઓ માટેના ક્વાર્ટર વગર ઉપયોગે ખંડેર બની ગયા
- બંને ક્વાર્ટરમાં સરકારી ફાઈલો અને દવાઓ સહિતનો મુદ્દામાલ ભંગાર હાલતમાં જોવા મળે
- બારી–દરવાજા વગરનાં ક્વાર્ટરમાં અસામાજિક તત્વોની પ્રવૃત્તિ વધી હોય તેવું જોવા મળે છે
- જિલ્લાનાં આરોગ્ય વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ આળશ ખંખેરી યોગ્ય કરે તેવી માંગ ઉભી થઈ





તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા

ખાંભા, તા. ૨૪

અમરેલી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૨૫ વર્ષ પહેલા બનાવેલ નર્સિંગ કવાર્ટર ચાલુ ન કરાતા કે નર્સિંગ સ્ટાફને રહેવા ન ફાળવતા વગર વપરાશ ખંઢેર હાલતમાં જોવા મળી રહ્યા છે.

ખાંભાના ભગવતીપરા ખાતે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૨૫ વર્ષ પહેલા સંપૂર્ણ સુવિધાજનક બે કવાર્ટર્સ બનાવવામાં આવ્યા બાદ નર્સિંગ સ્ટાફને ફાળવ્યા વગરના ખાલી પડેલા બંને કવાર્ટર્સ ભંગારના ડેલા સમાન જોવા મળી રહયા છે.

હાલ બારી–દરવાજા

(અનુસંધાન પાના ૬ ઉપર)

## હે રામ : અમરેલી જિલ્લામાં છેલ્લા ૬ મહિનામાં અર્ધો ડઝન સિંહો ટ્રેઈન હડફેટે ચડી ગયા

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લો આર્થિક અને માળખાકીય સુવિધામાં ભલે અતિ પછાત રહ્યો પરંતુ એશિયાટીક સિંહોનાં વિકાસમાં અગ્રેસર રહ્યો છે. પરંતુ વન

(અનુસંધાન પાના ૬ ઉપર)


Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨



નં.રેવ/રીકવરી/હરરાજી/૪૦૪૬૯ થી ૪૦૪૮૮/૨૦૨૪

ખાસ વસુલાત અધિકારી,સહકારી મંડળીઓ.
ઠે.અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.
ભોજલરામ ભવન,રાજમહેલ રોડ,અમરેલી.
તાઃ– ૦૩/૦૧/૨૦૨૪

### જાહેર હરરાજી (નિયમ ૧૨૯)

જપ્તીમાં લીધેલ મિલ્કતના વેચાણની સુચના અને જાહેર નામાનો નમુનો
(જમીન મહેસુલ ધારાની કલમ–૧૬૫ નીચે)

**શ્રી માણેકવાડા સેવા સહકારી મંડળી લી. તાલુકો બગસરા, જી. અમરેલીના બાકીદાર**

| ક્રમ | નામ | રહેઠાણ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | ભીમજીભાઈ વલ્લભભાઈ કાનાણી વિ.ના કુ.મુ. ચતુરભાઈ વલ્લભભાઈ કાનાણી | ઘંટીયાણ | બગસરા |

જી.અમરેલીએ **શ્રી માણેકવાડા સેવા સહકારી મંડળી લી.** તાલુકો **બગસરા** પાસેથી ઉપરોકત બાકીદારોએ લોન લીધેલ છે.

ઉપરોકત બાકીદારોએ લોન નિયત સમયમાં ન ભરતા તેમની સામે સહકારી કાયદાની કલમ ૧૦૬(૧)ના કેસ થયેલા અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, અમરેલી તરફથી જમીન મહેસુલની બાકી તરીકે રેવન્યુ રાહે વસુલાત કરવા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. સદરહું બાકીદાર પાસે લ્હેણુ વસુલ કરવા જમીન મહેસુલ કાયદા અને નિયમને આધારે બાકી રકમ માટે તેમની સ્થાવર/ જંગમ મિલ્કત વેચીને મંડળીનાં ઉપરોકત નાણાં તથા અત્યાર સુધીનું વ્યાજ, દંડનીય વ્યાજ રીકવરી ચાર્જ તથા અન્ય ખર્ચાઓ જે જમીન મહેસુલ કાયદા તથા નિયમોની જોગવાઈ છે તે રીતે વસુલ કરવાની થાય છે. બાકીદારો પાસે નીચે મુજબની લેણી નીકળતી રકમના પ્રમાણમાં જમીનની જાહેર હરરાજી કરવાની થાય છે.

| ક્રમ | મુદત વિતેલ બાકીદારનું નામ | જપ્તી હુકમ નં./ તારીખ | પ્રમાણપત્રની રકમ |
|---|---|---|---|
| ૧ | ભીમજીભાઈ વલ્લભભાઈ કાનાણી વિ.ના કુ.મુ. ચતુરભાઈ વલ્લભભાઈ કાનાણી | નં.રેવ/રીકવરી/જપ્તી/હુકમ–૫૩/૨૦૨૧ તા.૦૪/૦૯/૨૦૨૧ | ૧૫૮૪૧૦૦ + ચડત વ્યાજ + અન્ય ચાર્જ |

સદરહું બાકીદારોની તેમના નામ સામે દર્શાવેલ નીચેની વિગતે જમીન જાહેર હરરાજીથી વેચવાની થાય છે. આ જાહેરાતથી રસ ધરાવતી વ્યકિતઓને જાણ કરવામાં આવે છે કે આ સ્થાવર મિલ્કત ખરીદવા ઈચ્છા ધરાવનારે **ખેડુત હોવાના આધારો સાથે ગામના નં.૮–અ, ૭/૧૨,ની નકલો સાથે રૂા.૧૦,૦૦૦/– ડીપોઝીટ** અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. **મોટા મુંજીયાસર** શાખા તળેની **માણેકવાડા સેવા સહકારી મંડળી લી.**માં જમાં કરાવી તેની પાવતી સાથે માંગણીદારે માંગણી કરવા માટે હરરાજીના દિવસે નીચે દર્શાવેલ સ્થળે સમયસર હાજર રહેવું.

**જાહેર હરરાજીની મિલ્કતની વિગત**

| ક્રમ | મુદત વિતેલ બાકીદારનું નામ | જમીનના સર્વે નં. | ક્ષેત્રફળ હે.આરે. ચો. મીટર | આકાર | જમીન ખાતા નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | (૧) સ્વ. કાનાણી રળિયાતબેન વલ્લભભાઈ<br>(૨) કાનાણી કાંતાબેન વલ્લભભાઈ<br>(૩) કાનાણી કાશીબેન વલ્લભભાઈ<br>(૪) સ્વ. કાનાણી ધીરૂભાઈ વલ્લભભાઈ<br>(૫) સ્વ. કાનાણી બાલુભાઈ વલ્લભભાઈ<br>(૬) કાનાણી ચતુરભાઈ વલ્લભભાઈ<br>(૭) કાનાણી બાબુભાઈ વલ્લભભાઈ<br>(૮) કાનાણી જયાબેન વલ્લભભાઈ<br>(૯) કાનાણી રમેશભાઈ વલ્લભભાઈ<br>(૧૦) કાનાણી ભાવનાબેન વલ્લભભાઈ<br>(૧૧) કાનાણી ભીમજીભાઈ વલ્લભભાઈ | ૭૧/૨ પૈકી ૨<br>૭૬/૨ | ૬–૯૩–૦૩<br>૦–૨૧–૨૫ | ૨૬.૬૩<br>૦.૩૭ | ૪૦ |

આ સ્થાવર મિલ્કત વેચાણથી વધારેમાં વધારે કિંમતે માંગણી કરનારને આપવામાં આવશે, માંગણી મંજુર થયે તાત્કાલીક ૨૫% રકમ અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. **મોટા મુંજીયાસર** શાખા તળેની **શ્રી માણેકવાડા સેવા સહકારી મંડળી લી.**માં ભરપાઈ કરવાની રહેશે. બાકીની ૭૫% રકમ વેચાણ થયાની તારીખથી પંદર દિવસમાં ભરપાઈ કરવાની રહેશે. હરરાજીની અન્ય શરતો રૂબરૂમાં વાંચી સંભળાવવામાં આવશે સદરહું હરરાજી બાબતે કોઈ વિવાદ ઉપસ્થિત થયે અમારો નિર્ણય આખરી ગણાશે જેની નોંધ લેવા વિનંતી.

**જાહેર હરરાજીનું સ્થળ સમય અને તારીખ**
તારીખ :– ૦૮/૦૨/૨૦૨૪, ગુરૂવાર
સમય :– સવારે ૧૧:૦૦ કલાકથી
સ્થળ:– ગ્રામ પંચાયત કચેરી, ઘંટીયાણ
મુકામ:– ઘંટીયાણ, તાલુકો :–બગસરા, જી. અમરેલી.

ખાસ વસુલાત અધિકારી અમરેલી

(એસ.કે.મકવાણા)
ખાસ વસુલાત અધિકારી
સહકારી મંડળીઓ, અમરેલી

**હરરાજીમાં ભાગ લેનાર વ્યકિત ખાતેદાર ખેડુત હોવા જોઈએ.**



Kelvinator સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
Kelvinator ઈલિકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૮૫૪૭



હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)